પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com Panchmahal Samachar Daily News


RNI NO:- 67073/97 વર્ષ:૨૫, અંક:૧૦૨, કુલ પાના:૪, તારીખ: ૨૨-૧૨-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 102 PRICE :-RS. 1.50 DATE : 22-12-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678 PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## પેપર ફૂટ્યાના ૧૦મા દિવસે હેડ ક્લાર્કની પરીક્ષા રદ કરવામાં આવી, ૮૮ હજાર ઉમેદવારોએ પરીક્ષા આપી હતી




ગાંધીનગર,

૧૨ ડિસેમ્બરના રોજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવેલી પરીક્ષાનું પેપર ફૂટ્યું હતું. ત્યાર બાદ ગૃહ રાજ્યમંત્રીએ પણ પેપર લીક થયું હોવાનો સ્વીકાર કર્યો હતો. આ મામલે આજે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પ્રેસ-કોન્ફરન્સ યોજી હતી, જેમાં તેમણે જણાવ્યું હતું કે ૧૪ આરોપીની ધરપકડ થઈ ગઈ છે તેમજ હેડ ક્લાર્કની પરીક્ષા રદ કરવામાં આવે છે. આ પરીક્ષા માર્ચમાં ફરીથી લેવાશે. ગૌણ સેવા પસંદગી મંડળની ભૂલ હશે તો તેની સામે પણ પગલાં લેવામાં આવશે. જો ગમે તે અધિકારીની ભૂલ સામે આવશે તો તેની સામે પગલાં લેવાશે. જોકે ગૃહ રાજ્યમંત્રીએ અસિત વોરાનું નામ પણ લીધું નહોતું, શું તેમને ક્લીન ચિટ આપી?

હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, ગૌણ સેવા પસંદગી મંડળ સાથે ચર્ચા કર્યા બાદ પરીક્ષા રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી માર્ચ મહિનામાં ફરીવાર હેડક્લાર્કની પરીક્ષા લેવાશે. નવી પદ્ધતિથી પરીક્ષા લઈ શકાય તે માટે મુખ્યમંત્રી સાથે ચર્ચા કરાઈ છે. ૭૦ પરીક્ષાર્થીઓએ પેપર લીધા હતાં તેમને પણ છોડાશે નહીં. હવે એવી વ્યવસ્થા સાથે પરીક્ષા લેવાશે કે ગેરરીતિની કોઈ તક નહીં રહે. પેપર લેનારને એવી સજા કરાશે કે વર્ષો સુધી બહાર નહીં આવી શકે.

પેપર લીક કાંડનો મામલો ગરમાતા અને રાજકીય સ્વરૂપ લઈ લેતા સરકાર એકદમ એક્ટિવ થઈ ગઈ છે અને મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને એક મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં પરીક્ષા રદ કરવા અને આરોપીઓ સામે કડક પગલાં લેવાના નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ બેઠકમાં ગૃહ રાજ્ય મંત્રી ઉપરાંત ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષ સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતા. આ બેઠક બાદ હર્ષ સંઘવીએ પરીક્ષા રદ કરવાની જાહેરાત કરી હતી.

પેપર લીક કાંડ મામલે યુવરાજસિંહ જાડેજાએ આજે ગૌણ સેવા પસંદગી મંડળનેકેટલાક પૂરાવાઓ આપ્યા હતા. સાથે જ તેમણે ગૌણ સેવા પસંદગી મંડળને આ મામલે ફરિયાદી બનવા અરજી કરી હતી. યુવરાજ સિંહે જણાવ્યું હતું કે, તેમની પાસે રહેલા ચોક્કસ નક્કર પુરાવાઓને તે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને જ આપશે, જેથી તેની ગોપનિયતા જળવાઈ રહે. ઉપરાંત તેણે પોતે પણ તપાસમાં જરૂર પડે ત્યાં સહાય કરવા તૈયાર દર્શાવી હતી.

સાણંદમાં આવેલા પ્રિન્ટિંગ પ્રેસના સુપરવાઈઝર કિશોર આચાર્યએ ૯ લાખ રૂપિયામાં મંગેશ નામની વ્યક્તિને આ પેપર વેચ્યું હતું. ગાંધીનગર એલસીબીએ કિશોર આચાર્યની અટકાયત કરી તેની પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે કિશોર મંગેશની પત્નીના કૌટુંબિક કાકા થાય છે અને તે પ્રિન્ટિંગ પ્રેસમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. જ્યારે અન્ય આરોપી દીપક પટેલ સિંગરવા હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ ચલાવે છે, જેની પણ ધરપકડ કરી લેવામાં આવી છે. પ્રિન્ટિંગ પ્રેસ અને ગૌણ સેવા પસંદગી મંડળના કોઈ કર્મચારીઓ સંડોવાયેલા છે કે કેમ એની તપાસ ચાલી રહી છે.

પરીક્ષા અગાઉ સંપર્કમાં રહેલા ગાંધીનગરના દીપક પટેલની ઓળખ કરવામાં આવી હતી. આ દીપક પટેલને એલ.સી.બી. કચેરી ખાતે પૂછપરછ કરતાં તેણે આ પ્રશ્નપત્ર નરોડા ખાતે રહેતા મંગેશ શિર્કે પાસેથી મેળવી ૦૯ લાખ રૂપિયામાં ૯ ડિસેમ્બરે પ્રાંતિજના દેવલ પટેલ તથા જયેશ પટેલને આપ્યું હોવાની કબૂલાત કરી હતી. અમદાવાદના મંગેશ શિર્કેને આ પ્રશ્નપત્ર પોતાની પત્નીના કૌટુંબિક કાકા કિશોર આચાર્ય પાસેથી મેળવ્યું હતું. આ કિશોર આચાર્યને પ્રિન્ટિંગ પ્રેસમાં ગૌણ સેવા પસંદગી મંડળે પ્રશ્નપત્ર પ્રિન્ટિંગ માટે આપ્યું હતું. તે પ્રિન્ટિંગ પ્રેસમાં પ્રિંટિંગ સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે.

ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષાના પેપર લીક કેસમાં ત્રણ દિવસ સુધી સતત તપાસ ચાલી. પોલીસે પહેલા શકમંદોને પકડવાનું કામ કર્યું. પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ. પેપર ફૂટ્યાના પહેલા દિવસે જ ૬ લોકોને પકડી લેવામાં આવ્યા હતા, એક જ જિલ્લામાં ત્રણ ગ્રુપમાં પેપર સોલ્વ કરાવાયા હતા. આ વિશે હર્ષ સંઘવીએ પત્રકારોને કહ્યું હતું કે આ કેસમાં અત્યારસુધીમાં ૧૦માંથી ૬ લોકોની ધરપકડ કરાઈ છે, જેમાં મહેશ પટેલ, ચિંતન પટેલ, કુલદીપ પટેલ, ધ્રુવ પટેલ, દર્શન વ્યાસ, સુરેશ પટેલની ધરપકડ કરાઈ છે. ૨૪થી વધારે પોલીસની ટીમ કાર્યરત હતી. ગુનામાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં સરકાર તરફથી ૪૦૬, ૪૦૬, ૪૦૯, ૧૨૦ હેઠળ ગુનો દાખલ કરાયો છે.

કોરોનાને કારણે સરકારી નોકરીની ભરતીમાં પણ વિલંબ થયો હતો. હેડ ક્લાર્કની ૧૮૬ જગ્યા માટે યોજાયેલી પરીક્ષામાં રાજ્યભરનાં ૬ શહેરમાં ૭૮૨ કેન્દ્રમાં પરીક્ષા લેવાઈ હતી, જેમાં ૮૮ હજાર જેટલા ઉમેદવારોએ પરીક્ષા આપી હતી, જે અગાઉ કોરોનાને કારણે મોકૂફ રખાઈ હતી. પરીક્ષા માટે અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ અને જામનગરમાં કેન્દ્ર ફાળવવામાં આવ્યાં હતાં.

પેપર લીક મામલે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી પોલીસ ફરિયાદમાં નોંધવામાં આવ્યું હતું કે પરીક્ષા પહેલાં જ કોઈ સરકારી નોકરની મદદથી કે અન્ય કોઈ પ્રકારે મેળવીને તેને ૧૦થી ૧૫ લાખ રૂપિયામાં પરીક્ષાર્થીઓને વેચી પેપરની નકલ સાથે પુસ્તકો ઉપલબ્ધ કરાવી પ્રાંતિજ, હિંમતનગર અને વીસનગરમાં પેપર સોલ્વ કરવાની તેમજ અહીંથી પરીક્ષાર્થીઓને તેમનાં નિર્ધારિત પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચાડવાની સગવડ કરી આપી હતી.

૯ વર્ષમાં દસ પરીક્ષાનાં પેપર ફૂટ્યા : **GPSC**ની ચીફ ઓફિસરની ભરતી: ૨૦૧૩, રેવન્યુ તલાટીની ભરતી પરીક્ષા: ૨૦૧૪, મુખ્ય સેવિકા: ૨૦૧૮, નાયબ ચિટનીસ: ૨૦૧૮, પોલીસ લોકરક્ષક દળ: ૨૦૧૮, શિક્ષકોની ભરતી પૂર્વેની કસોટી **TAT:** ૨૦૧૮, બિનસચિવાલય ક્લાર્ક: ૨૦૧૯, **DGVCL**માં વિદ્યુત સહાયકની ભરતી: ૨૦૨૧, સબ-ઓડિટર: ઓક્ટોબર, ૨૦૨૧, હેડ ક્લાર્ક: ડિસેમ્બર, ૨૦૨૧.

## રાજ્યમાં વહેલી સવારથી ફૂલ ગુલાબી ઠંડી પડી રહી છે. હિમ વર્ષા થઈ રહી હોય તેવુ લાગે છે



અમદાવાદ,

રાજ્યમાં આજે વહેલી સવારથી ફૂલ ગુલાબી ઠંડી પડી હતી. સવારથી જ જાણે ગુજરાતમાં હિમ વર્ષા થઈ રહી હોય તેવુ લાગી રહ્યુ હતું. રાજ્યનાં અનેક શહેરો ઠંડીની ચાદરમાં જાણે લપેટાઇ ગયા છે. ગયા અઠવાડિયેથી ઠંડીમાં સતત વધારો થઈ રહ્યો છે, જે બાદથી કહી શકાય કે ગુજરાત એક બરફીલો પ્રદેશ બની ગયો છે.

ચાલુ સપ્તાહની શરૂઆતમાં ઠંડીનું જોર થોડું વધ્યુ છે અને ઠેર-ઠેર સવારનાં તાપમાનનો પારો ગગડ્યો છે. જો કે આજે સવારે નલિયા, ડીસા, અને પાટણ, ભૂજમાં સિંગલ ડિઝીટમાં તાપમાન નોંધાતા આ સ્થળે તીવ્ર ઠંડી અનુભવાઈ હતી. એકવાર ફરી રાજ્યનું સૌથી ઠંડુગાર કચ્છનું નલિયા રહ્યુ છે, જ્યા ૭.૧ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. વળી અમદાવાદ અને ગાંધીનગરમાં પણ હાડ થીજવતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. ઠંડીનાં કારણે મોર્નિંગ વોર્ક પર આવતા લોકોની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. રાજ્યનાં અલગ-અલગ સ્થળો પર ઠંડીએ પોતાનું જોર વધારવાનું શરૂ કરી દીધુ છે. ત્યારે જો એકવાર અલગ-અલગ સ્થળોનાં તાપમાન પર નજર કરીએ તો કચ્છનાં નલિયામાં લઘુત્તમ તાપમાન ૭.૧ ડિગ્રી, ડીસામાં ૮.૨ ડિગ્રી, પાટણમાં ૮.૨ ડિગ્રી, ભૂજમાં ૧૦.૭ ડિગ્રી, રાજકોટમાં ૧૦.૬ ડિગ્રી, અમદાવાદમાં ૧૧.૧ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૧.૦ ડિગ્રી, ભાવનગરમાં ૧૨.૧ ડિગ્રી, વડોદરામાં ૧૨.૨ ડિગ્રી, અમરેલીમાં ૧૨.૪ ડિગ્રી, જૂનાગઢમાં ૧૨.૪ ડિગ્રી, કંડલામાં ૧૩.૩ ડિગ્રી અને સુરતમાં ૧૫.૦ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયુ છે.

ઉલ્લેખનીય છે કે, દેશનાં મોટાભાગનાં રાજ્યો અત્યારે તીવ્ર ઠંડીની લપેટમાં છે. ગુજરાતનાં પડોશી રાજ્ય રાજસ્થાનમાં કાશ્મીરની જેમ બરફનાં આવરણ રચાઈ ગયા છે અને એક વિસ્તારમાં શ્રીનગરની જેમ પારો માઈનસ ૫ પર પહોંચી ગયો છે. રેતીમાં બરફનાં આવરણને કારણે રાજસ્થાન જાણે કાશ્મીરમાં ફેરવાઈ ગયું હોય એવું લાગે છે. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી દિવસમાં શીતલહેરનો પ્રકોપ વધુ રહેવાની સંભાવના છે.

## વર્ષ ૨૦૧૪ પહેલા લિંચિંગ શબ્દ સાંભળવામાં આવ્યો નહતો : રાહુલ ગાંધી



નવીદિલ્હી,

કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પંજાબ અને અન્ય કેટલાક સ્થળોએ મોબ લિંચિંગની તાજેતરની ઘટનાઓની પૃષ્ઠભૂમિમાં, મંગળવારે આરોપ લગાવ્યો હતો કે ૨૦૧૪ માં નરેન્દ્ર મોદી સરકારની રચના થઈ તે પહેલા 'લિંચિંગ' શબ્દ સાંભળવામાં આવ્યો ન હતો. 'થેંક યુ મોદી જી' હેશટેગ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધતા તેમણે ટ્વીટ કર્યું કે, ૨૦૧૪ પહેલા 'લિંચિંગ' શબ્દ પણ સાંભળવામાં આવતો ન હતો.

પંજાબમાં ટોળા દ્વારા અલગ-અલગ ઘટનાઓમાં બે લોકોનાં મોતને લઈને રાજકીય નિવેદન ચાલી રહ્યા છે, તે દરમિયાન કોંગ્રેસનાં નેતા રાહુલ ગાંધીનું લિંચિંગ અંગેનું ટ્વીટ સામે આવ્યું છે. તેમણે આમા કેન્દ્રની મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ લખ્યું છે કે, વર્ષ ૨૦૧૪ પહેલા (મોદી સરકાર આવી તે પહેલા) લિંચિંગ શબ્દ સાંભળવામાં આવતો નહોતો. આપને જણાવી દઈએ કે, પંજાબની બન્ને ઘટનાઓ પર મોટાભાગનાં રાજનેતાઓ ખુલીને બોલી રહ્યા નથી કારણ કે આ મામલા બેઅદબી સાથે જોડાયેલા છે. જો કે રાહુલ ગાંધી પહેલા પંજાબ કોંગ્રેસ અધ્યક્ષ નવજોત સિંહ સિદ્ધુએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું હતું કે, જે લોકો અપવિત્રતા ફેલાવે છે તેમને બધાની સામે ફાંસી આપવામાં આવે. ભાજપે તુરંત જ જવાબ આપ્યો. **BJP IT** સેલનાં વડા અમિત માલવિયાએ પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનો વીડિયો જાહેર કર્યો છે. અમિત માલવિયાએ રાજીવ ગાંધીને દેશમાં લિંચિંગનાં પિતા કહ્યા છે. વીડિયોમાં રાજીવ ગાંધી ઈન્દિરા ગાંધીની હત્યા અને ત્યારબાદ થયેલા શીખ રમખાણોનો ઉલ્લેખ કરી રહ્યા છે. રાજીવ ગાંધી કહે છે કે જ્યારે પણ મોટું વૃક્ષ પડે છે ત્યારે ધરતી હલી જાય છે.

બીજેપી આઈટી સેલનાં વડા અમિત માલવિયાએ વીડિયો જાહેર કર્યો અને લખ્યું, 'મોબ લિંચિંગનાં પિતા રાજીવ ગાંધીને મળો, શીખોનાં લોહીથી લથબથ નરસંહારને યોગ્ય ઠેરવતા. કોંગ્રેસ રસ્તા પર ઉતરી, ખૂન કા બદલા ખૂન સે લેંગે જેવા સૂત્રોચ્ચાર કર્યા, મહિલાઓ પર દુષ્કર્મ કર્યો, શીખ પુરુષોનાં ગળામાં સળગતા ટાયર લપેટી, નાળાઓમાં ફેંકી દેવાયેલા બળેલા મૃતદેહો પર કૂતરાઓને લઈ જવામાં આવ્યા.' રાહુલ ગાંધીનાં લિંચિંગ નિવેદન પર સોશિયલ મીડિયામાં જબરદસ્ત પ્રતિક્રિયાઓ આવી રહી છે. યુઝર્સ યાદ અપાવી રહ્યા છે કે મહેશ ભટ્ટે ૨૦૦૯માં લિંચિંગ પર કેવી રીતે ટ્વીટ કર્યુ હતું. વળી, મોટાભાગનાં લોકો યાદ અપાવી રહ્યા છે કે ૧૯૮૪માં શીખો સાથે જે થયું તે પણ લિંચિંગ જ હતું.

## ચીને પેંગોન્ગ સરોવર પર નવું બાંધકામ કર્યું ચીને હેલિપેડ પણ તૈયાર કર્યુ

નવીદિલ્હી,

લદાખમાં ચીન પોતાની ચાલાકીઓથી બહાર આવી રહ્યુ નથી. પેંગોન્ગ સરોવર પર ભારત સંગ સમાધાન છતાં ચીને તેનાથી નજીકના વિસ્તારમાં પાકુ નિર્માણ કરી લીધુ છે. ચીને ત્યાં હેલિપેડ પણ તૈયાર કર્યુ છે. સેટેલાઈટ તસવીરથી આ ખુલાસો થયો છે. આ ફોટો જેક ડિટ્ચ નામના રિપોર્ટરે પોસ્ટ કરી છે. જેક અમેરિકાના ફોરન પોલિસી મેગેઝીન માટે કામ કરે છે. કેટલીક તસવીર સામે આવી છે જે પેંગોગ સરોવરના ઉત્તરી કિનારાની છે. જેમાં ચીની જેટી, સંભવિત હેલિપેડ અને સ્થાયી બંકર જોવા મળી રહ્યા છે. આ પહેલીવાર નથી જ્યારે ચીનની હરકતને લઈને આ પ્રકારનો ખુલાસો થયો છે. અગાઉ પહેલી નવેમ્બરે અમેરિકી રક્ષા વિભાગ પેંટાગનના રિપોર્ટમાં પણ દાવો કરવામાં આવ્યો હતો કે ચીને અરૂણાચલ પ્રદેશમાં મોટુ ગામ વસાવ્યુ છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે ચીને આ ગામ અત્યારે નહીં પરંતુ વર્ષો પહેલા જ બનાવી લીધુ હતુ. આ સિવાય તાજેતરમાં જ સેના સાથે જોડાયેલા સૂત્રોએ પણ જણાવ્યુ હતુ કે ચીને પૂર્વી લદાખમાં એલએસી નજીક મિસાઈલ અને રોકેટ રેજિમેન્ટની તૈનાતી કરી દીધી છે. આ સિવાય હાઈવે અને રસ્તા પર પણ ઝડપથી કામ કરી રહ્યુ છે. સૂત્રોએ જણાવ્યુ હતુ કે અક્સાઈ ચીન વિસ્તારમાં ચીન હાઈવે બનાવી રહ્યો છે જેથી તેમની કનેક્ટિવિટી મજબૂત થઈ શકે અને એલએસી પર વધારે ઝડપથી પહોંચાડી શકાય. ચીન ના માત્ર પોતાના એરબેઝને અપગ્રેડ કરી રહ્યુ છે પરંતુ તેણે હાઈવેને પહોળો કરવા અને એર સ્ટ્રિપ બનાવવાનુ કામ પણ શરૂ કરી દીધુ છે. પેંગોગ સરોવરની ફિંગર ૮ વાળો વિસ્તાર ગતિરોધ પહેલાથી જ ચીનના કંટ્રોલમાં છે. અત્યારે મે ૨૦૨૦માં ગતિરોધ બાદ જ્યારે બાબત સામાન્ય થવાની શરૂ થઈ તો ભારતીય અને ચીની સેના આ વાત પર રાજી થઈ હતી કે પેંગોગના ઉત્તરી અને દક્ષિણી કિનારાથી સેનાઓને પાછા મોકલવામાં આવશે. જેમાં ફિંગર ૪થી ફિંગર ૮ સુધીના વિસ્તાર સામેલ હતા. ચીને હવે ચાલાકી બતાવી છે. જે ભાગ માટે સમાધાન થયુ હતુ, તેનાથી ઠીક નજીક ચીને આ સ્થાયી નિર્માણ કરી લીધુ છે.

## ગુજરાતના ૮ મહાનગરમાં આગામી ૩૧ ડિસેમ્બર સુધી રાત્રિના ૧ થી સવારના પાંચ સુધી નાઈટ કર્ફ્યૂ યથાવત્ રાખવાનો નિર્ણય

ગાંધીનગર,

ગુજરાતના ૮ મહાનગરમાં આગામી ૩૧ ડિસેમ્બર સુધી રાત્રિના ૧થી સવારના પાંચ સુધી નાઈટ કર્ફ્યૂ યથાવત્ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આમ, ક્રિસમસ-ન્યૂ યરની ઉજવણી આ વખતે રાત્રિના ૧ સુધી થઈ શકશે. જોકે, ન્યૂ યરની ઉજવણી બહાર કરી શકાશે કે ઘરમાં તેને લઈને હજુ કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

ગૃહ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા જાહેરનામાં અનુસાર અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જુનાગઢ, જામનગર, ભાવનગર, ગાંધીનગર એમ ૮ મહાનગરોમાં કોવિડને પગલે મૂકવામાં આવેલા નિયંત્રણો તથા નાઈટ કર્ફ્યૂ યથાવત્ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે, ૩૧ ડિસેમ્બરની ઉજવણી કેવી રીતે કરવામાં આવશે તેના અંગેની માર્ગદર્શિકા હજુ આગામી સપ્તાહના પ્રારંભે જાહેર કરવામાં આવશે. ગુજરાતમાં ગત વર્ષે ડિસેમ્બર મહિનાને અંતે ૮૦૦થી વધુ કેસ નોંધાઈ રહ્યાં હતાં. જેના કારણે ક્રિસમસ અને ન્યૂ યરની જાહેરમાં ઉજવણી પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. હાલમાં કોરોનાના કેસ ગત વર્ષ કરતાં નિયંત્રણમાં છે. પરંતુ ઓમિક્રોનના કેસમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી ન્યૂ યરની ઉજવણી માટે કેવા પ્રકારની માર્ગદર્શિકા જાહેર કરવી તેના અંગે હવે નિર્ણય લેવામાં આવશે. કોરોનાના કેસ નિયંત્રણમાં રહ્યા તો વાયબ્રન્ટ સમિટને પગલે નાઈટ કર્ફ્યૂમાં પણ રાહત આપવામાં આવે તેવી પણ સંભાવના છે. હાલની ગાઈડલાઈન્સ પ્રમાણે રેસ્ટોરન્ટ રાત્રિના ૮ સુધી ખૂલ્લી રહી શકશે.

## ૨૪ કલાકમાં ભારતમાં કોરોના વાયરસના ૫,૩૨૬ નવા કેસ નોંધાયા

નવીદિલ્હી,

ભારતમાં ઓમીક્રોની વેરિઅન્ટના વધતા જોખમ વચ્ચે દૈનિક આંકડામાં ઘટાડો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોના વાયરસના ૫,૩૨૬ નવા કેસ નોંધાયા છે. આવા સમયે છેલ્લા ૨૪ કલાકમાં ૮,૦૪૩ લોકો કોવિડ ૧૯થી સાજા થયા છે. જો કે, દરરોજ મૃત્યુઆંક વધ્યો છે. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૪૫૩ લોકોના મોત થયા છે. દેશમાં સક્રિય કેસની સંખ્યા ૭૯,૦૯૭ છે. આવા સમયે કોરોનાથી કુલ મૃત્યુઆંક ૪ લાખ ૭૮ હજાર ૭ છે. દેશમાં કોરોના વાયરસનો કુલ આંકડો ૩,૪૭,૫૨,૧૬૪ છે. દેશમાં અત્યાર સુધીમાં ૩,૪૧,૯૫,૦૬૦ લોકો કોરોનાથી સાજા થયા છે. કોરોના રસીકરણના આંકડાની વાત કરીએ તો તે ૧,૩૮,૩૪,૭૮,૧૮૧ છે. દેશમાં ૧૬ જાન્યુઆરી ૨૦૨૧થી રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. ઓમિક્રોન વેરિઅન્ટને ધ્યાનમાં રાખીને માર્ગદર્શિકા અમલમાં આવી ત્યારથી જિનોમ સિક્વન્સિંગ માટે ગાંધીનગરમાં ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટરને દરરોજ અત્યાર સુધીમાં ઓમિક્રોન સાથે મળી આવેલા સેમ્પલમાંથી પાંચથી સાત ટકા "ઉચ્ચ પ્રાથમિકતા" નમૂનાઓ મોકલવામાં આવે છે.

## પાંચમી જાન્યુઆરીએ પાંચ રાજ્યોની ચુંટણીની તારીખો જાહેર થાય તેવી સંભાવના

નવીદિલ્હી,

દેશમાં ૨૦૨૨માં પાંચ રાજ્યોમાં થનારી વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી પંચે તૈયારીઓ આરંભી દીધી છે. ચૂંટણી પંચની ટીમ ત્રિદિવસીય ગોવા પ્રવાસે જશે. ટીમના મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રા પણ આ પ્રવાસમાં સામેલ થશે. આ ટીમ આવતા વર્ષે થનારી વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરશે. ચૂંટણી પંચ નવા વર્ષની પાંચ જાન્યુઆરીએ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુરમાં વિધાનસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત કરે એવી શક્યતા છે. માર્ચ અને એપ્રિલમાં **CBSE** સહિત આ બધાં રાજ્યોના શિક્ષણ બોર્ડની ૧૦-૧૨મા ધોરણની પરીક્ષાઓ યોજવાની છે. જેથી ચૂંટણી પંચ માર્ચના પહેલા સપ્તાહમાં આ બધાં રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી પૂરી કરાવવાની તૈયારીમાં છે. વર્ષ ૨૦૧૭માં ચૂંટણી આઠ માર્ચે પૂરી થઈ હતી અને ૧૧ માર્ચે પરિણામો જાહેર થયાં હતાં. હાલમાં ચૂંટણી પંચ પણ વિવાદોમાં ઘેરાયું હતું. વડા પ્રધાનની ઓફિસ દ્વારા ૧૬ નવેમ્બરે બોલાવેલી વર્ચ્યુઅલ બેઠકમાં મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રા અને બે ચૂંટણી કંમિશનર રાજીવ કુમાર અને અનુપ ચંદ્ર પાંડે સામેલ થયા હતા. જેને લઈને વિવાદ શરૂ થયો હતો. કોંગ્રેસના સંસદસભ્ય મનીષ તિવારીએ આ મુદ્દે લોકસભામાં સ્થગન પ્રસ્તાવની નોટિસ આપી હતી. તેમના જણાવ્યા મુજબ બેઠકમાં સામેલ થવું એ પંચની સ્વાયત્તતાથી સમજૂતી કરવામાં આવી છે.

## મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ પુતિન સાથે ફોન પર વાત કરી, આંતરરાષ્ટ્રીય વિકાસની ચર્ચા કરી



નવીદિલ્હી,

ભારત-રશિયા બંને દેશો માટે હંમેશા મહત્વપૂર્ણ રહ્યા છે. આવી સ્થિતિમાં ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે વાત કરી છે. પીએમ મોદીએ ટ્વિટ કરીને આ જાણકારી આપી હતી. તેમણે ટ્વીટ દ્વારા લખ્યું કે મેં મિત્ર રાષ્ટ્રપતિ પુતિન સાથે તેમની તાજેતરની ભારત મુલાકાત દરમિયાન ચર્ચા પર પગલાં લેવા માટે વાત કરી હતી. અમે ખાતરના પુરવઠા સહિત ભારત-રશિયા સહયોગ વધારવાના માર્ગ પર સંમત થયા છીએ. અમે તાજેતરના આંતરરાષ્ટ્રીય વિકાસની પણ ચર્ચા કરી છે.

તાજેતરમાં, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની માત્ર ૫ કલાકની ભારત મુલાકાત દરમિયાન, બંને દેશોએ મિત્રતાને મજબૂત કરવા માટે ૨૮ કરાર પર હસ્તાક્ષર કર્યા. બંને દેશોએ કનેક્ટિવિટીથી લઈને સૈન્ય સહયોગ, ઊર્જા ભાગીદારીથી લઈને અવકાશ ક્ષેત્રમાં ભાગીદારી સુધીના ઘણા મુદ્દાઓને આવરી લીધા છે. સંયુક્ત નિવેદન જારી કરીને તેમની મિત્રતાને શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિની ભાગીદારી ગણાવી હતી.

રશિયાના રાષ્ટ્રપતિનું સ્વાગત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે છેલ્લા કેટલાક દાયકાઓમાં વૈશ્વિક સ્તરે ઘણા મૂળભૂત ફેરફારો થયા છે. વિવિધ રાજકીય સમીકરણો ઉભા થયા છે. પરંતુ આ બધા ફેરફારો વચ્ચે પણ ભારત અને રશિયા વચ્ચે મિત્રતા સ્થિર રહી છે. બંને દેશોએ ખચકાટ વિના માત્ર એકબીજાને સહકાર આપ્યો નથી, પરંતુ એકબીજાની સંવેદનશીલતાનું પણ ખાસ ધ્યાન રાખ્યું છે. દેશોની મિત્રતાનું આ એક અનોખું અને ભરોસાપાત્ર મોડલ છે.

કોરોના સંકટના છેલ્લા બે વર્ષમાં પોતાની બીજી વિદેશ યાત્રા પર દિલ્હી આવેલા રાષ્ટ્રપતિ પુતિને એમ પણ કહ્યું હતું કે રશિયાની નજરમાં ભારત એક મહાન શક્તિ, મિત્ર દેશ અને સમયની કસોટી પર ભરોસાપાત્ર મિત્ર છે. બંને દેશો વચ્ચેના સંબંધો ઝડપથી વધી રહ્યા છે અને ભવિષ્ય તરફ જોઈ રહ્યા છે.

**ઓનલાઈન ટેન્ડરીંગ**

**નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**'ઈ' પ્રોક્યોરમેન્ટ નોટીસ નં.'૧૪' સને ૨૦૨૧-૨૨**

**ગુજરાત સરકાર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કર્યપાલક ઈજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, પાનમ કોલોની, ગોધરા-૩૮૯૦૦૧ જી.પંચમહાલ, ફોન નં.(૦૨૬૭૨) ૨૪૧૮૧૨ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી જુદા જુદા ૭ કામો માટે ઓનલાઈન ટેન્ડર, બી-૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રકમ રૂા.૯.૩૧લાખ થી રૂા.૨૮.૮૭ લાખ છે. ઓનલાઈન ટેન્ડર ડોક્યુમેન્ટ વેબ સાઈટ http://nwr.nprocure.com પર તા.૦૭/૦૧/૨૦૨૨, ૧૮-૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. જ્યારે કામના ઓનલાઈન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા.૧૦/૦૧/૨૦૨૨ થી તા.૧૫/૦૧/૨૦૨૨ ના રોજ સાંજના ૧૮-૦૦ કલાક સુધી રજી.પોસ્ટ એડી. થી મોકલવાના રહેશે.

વધુ વિગતો માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્કસાધવા વિનંતી.

પાર્યપાલક ઈજનેર
પાનમ યોજના વિભાગ
ગોધરા

માહિતી/ગોધરા/૭૫૮/૨૦૨૧

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લાની ૩૫૦ ગ્રામ પંચાયતોની બેલેટ મતગણતરી હાથ ધરાઈ : મોડી સાંજ સુધી ૨૦૧ પંચાયતોના પરિણામ જાહેર



ગોધરા,

પંચમહાલ જીલ્લાની ૩૫૦ ગ્રામ પંચાયતોની હાથ ધરાયેલ ચુંટણી માટેની મત ગણતરી આજરોજ જે તે તાલુકા મથકો ખાતે વહેલી સવાર થી શરૂ કરવામાં આવી. ગ્રામ પંચાયતોની ચુંટણી મતદાન બેલેટ પેપર થી કરાયેલ હોવાથી મત ગણતરી ધીમી ગતિથી ચાલી રહી છે. પંચમહાલ જીલ્લાની ૩૫૦ ગ્રામ પંચાયતો પૈકી ૨૦૧ ગ્રામ પંચાયતોના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે.

પંચમહાલ જીલ્લાની ૩૭૨ ગ્રામ પંચાયતોની ચુંટણી યોજાનાર હતી. તે પૈકી ૨૨ ગ્રામ પંચાયત બિનહરીફ જાહેર કરવામાં આવતાં ૩૫૦ ગ્રામ પંચાયતો માટે ૧૯ ડીસેમ્બરના રોજ મતદાન પ્રક્રિયા હાથ ધરાઈ હતી અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પુરી થયેલ હતી. ૨૧ ડીસેમ્બરના રોજ જીલ્લાના ૭ તાલુકાની ૩૫૦ ગ્રામ પંચાયતોની મત ગણતરી જે તે તાલુકરા મથકો ખાતે કરવાની વ્યવસ્થા તાલુકા ચુંટણી અધિકારી દ્વારા કરવામાં આવી હતી. રાજ્યની ગ્રામ પંચાયતોની ચુંટણી બેલેટ પેપરથી યોજવામાં આવી હતી. બેલેટ પેપર થી યોજાયેલ મતદાનની મત ગણતરી આજરોજ વહેલી સવાર થી હાથ ધરવામાં આવી હતી. જીલ્લાના ૭ તાલુકા મથકો ખાતે ગ્રામ પંચાયતોની ચુંટણી મત ગણતરી હાથ ધરવામાં આવી હતી. બેલેટ પેપર મત ગણતરી હાથ ધરાઈ હોવાથી ખૂબ ધીમી ગતિથી થતી જોવા મળી હતી. પંચમહાલ જીલ્લાની ૩૫૦ ગ્રામ પંચાયતો મત ગણતરી હાથ ધરાઈ હતી. તેમાં મોડી સાંજ સુધી ૨૦૧ ગ્રામ પંચાયતોના પરિણામ જાહેર થયા છે. હજી ૭ તાલુકાની ૧૪૯ ગ્રામ પંચાયતો માટે મતગણતરી ચાલી રહી છે.

પંચમહાલ જીલ્લા ૭ તાલુકાના મત ગણતરી મથકો ખાતે બેલેટ પેપર મત ગણતરી હાથ ધરાઈ હતી. તેમાં સૌથી ધીમી મત ગણના ગોધરા તાલુકા મત ગણતરી મથકો જોવા મળી રહી છે. ગોધરા તાલુકાની ૬૫ ગ્રામ પંચાયતો માટે વહેલી સવાર થી હાથ ધરાયેલ મત ગણતરીના અંતે મોડી સાંજે ૬ વાગ્યા સુધી ૨૪ ગ્રામ પંચાયતોના પરિણામો જાહેર થઈ શક્યા છે. જીલ્લાની ૧૪૯ ગ્રામ પંચાયતોના પરિણામો મોડી રાત્રે આવી શકે છે.

# વેજલપુર ગામની મેહલોલ ચોકડી ઉપર ગમખ્વાર અકસ્માત બાઈક ચાલક નુ ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

ગોધરા વડોદરા મેન હાઈવે ઉપર આવેલ વેજલપુર ગામની મેહલોલ ચોકડી ઉપર બાઈક ચાલકનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત. બાઈક ચાલક મેહલોલ તરફ થી આવી રહયો હતો અને ગોધરા તરફથી વડોદરા તરફ જઈ રહેલ ટેલર જેનો નં. યુ.પી. ૭૨.એટી.૩૩૪૧ જઈ રહયું હતું. ત્યારે બાઈક ચાલક મેહલોલ ચોકડી ઉપર ટેલરના પાછળના વ્હીલની અંદર વચ્ચો વચ ભરાઈ જતાં ટેલર ઘણા દૂર સુધી ઘસેડીને લઈ જતા બાઈક ચાલકના ફુરચા ફુરચા ઉડી ગયા હતા. જેથી અનેક લોકોના ટોળા ટોળા વળી ગયા હતા. જેની જાણ વેજલપુર પોલીસને થતા ઘટના સ્થળે દોડી જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગુજરાતના એરપોર્ટ પર કોરોના ટેસ્ટિંગ અને ચેકીંગની કામગીરીથી ડૉક્ટર્સ નારાજ

અમદાવાદ,

રાજ્યમાં કોરોનાના કેસ ફરી એકવાર સામે આવી રહ્યા છે. ખાસ કરીને એમિક્રોન વાયરસની ગુજરાતમાં એન્ટ્રી સાથે અમદાવાદની ખાનગી હોસ્પિટલોએ તૈયારી શરૂ કરી દીધી છે. ૭૦ હોસ્પિટલમાં ૨૫૦૦ બેડ કોરોનાના દર્દીઓ માટે આરક્ષિત કરવામાં આવ્યા છે. જોકે હાલ એરપોર્ટ પર ટેસ્ટિંગ અને ચેકીંગની કામગીરીમાં ચાલતી ઢીલાશથી ડૉક્ટર્સ નારાજ છે. એરપોર્ટ પર સજ્ઞાઈપૂર્ણ કામગીરી કરવામાં આવે નહિ તો મુશ્કેલીના દિવસો આવશે તેવું ડોકટર્સ માની રહ્યા છે.

વિદેશીથી આવતા ભારતીય નાગરિકઓ કે વિદેશી નાગરિક તેમનો આરટી પીસીઆર રિપોર્ટ નેગેટિવ હોય તો જ તેમને એરટ્રાવેલની પરમીશન આપવામાં આવે તેવો લેટર પણ અમદાવાદ હોમ્સ એન્ડ નર્સીંગ એસોસીએશન દ્વારા સરકારને લખવામાં આવ્યો છે. કોરોનાની પહેલી અને બીજી લહેર દરમિયાન અમદાવાદ હોમ્સ એન્ડ નર્સીંગ એસોસીએશનની ૧૮૦ હોસ્પિટલમાં૧૫૦૦૦ કરતા વધુ દર્દીઓએ સારવાર લીધી હતી.જે બાદ ત્રીજી લહેર અને એમીક્રોન વાયરસ મામલે ખાનગી હોસ્પિટલો દ્વારા તૈયારી શરૂ કરવામાં આવી છે.

૭૦ હોસ્પિટલમાં ૨૨૦૦ બેડ રિઝર્વ રાખવામાં આવ્યા છે. ઍરપોર્ટ અને રેલવે સ્ટેશન ઉપર નિયમિત રીતે ટેસ્ટિંગ અને વેકસીનેશન સર્ટીફિકેટ માંગવામાં ન આવતા અમદાવાદ હોમ્સ એન્ડ નર્સીંગ એસોસીએશન દ્વારા કેન્દ્ર સરકારના આરોગ્યવિભાગ અને એવીએશન વિભાગને પત્ર લખીને પોતાના સુચન કરાયા છે. સાથે જ વિદેશીથી આવતા ભારતીય નાગરિકઓ કે વિદેશી નાગરિક તેમનો આરટીપીસીઆર રિપોર્ટ નેગેટિવ હોય તો જ તેમને એરટ્રાવેલની પરમીશન આપવામાં આવે તેવો પણ ઉલ્લેખ લેટરમાં કરાયો છે.

આહનાના પ્રમુખ ડો. ભરત ગઢવીએ જણાવ્યું કે, ઓવર ઓલ સિનારિયો જોઈએ તો હોસ્પિટલમાં ૮ કે ૯ દર્દીઓ કોરોનાના છે. પણ એરપોર્ટ પર સજ્ઞાઈપૂર્ણ કામગીરી કરવામાં આવે નહિ તો મુશ્કેલી ના દિવસો આવશે. આ ઉપરાંત તેમણે જણાવ્યું કે કોરોનાના કેસોને લઈ એક બેઠક પણ એસોસિએશનના ડૉક્ટર્સની બોલાવવામાં આવશે. જેમાં વિદેશથી આવેલા દર્દીના સગાને આરટીપીસીઆર નેગેટિવ ન હોય ત્યાં સુધી હોસ્પિટલમાં એન્ટ્રી ન આપવા મુદ્દે ડિસ્કશન કરવામાં આવશે.

# ઠંડીનો પ્રકોપ: આખા ઉત્તર ભારતમાં છેલ્લા ૩ દિવસથી ન્યૂનતમ તાપમાન સતત નીચે જઈ રહ્યું છે

નવીદિલ્હી,

ઉત્તર ભારતમાં છેલ્લા એક અઠવાડિયામાં તાપમાનમાં મોટો ઘટાડો નોંધાયો છે. રાજધાની દિલ્હીની સાથે સાથે રાજસ્થાન, પંજાબ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ, હરિયાણા, ચંદીગઢ, અને જમ્મુ કાશ્મીરમાં આગામી કેટલાક દિવસો સુધી તીવ્ર ઠંડીની સ્થિતિની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આ રાજ્યો માટે એલર્ટ પણ જારી કરવામાં આવ્યું હતું. આઈએમડીની આ ભવિષ્યવાણી મોટા પ્રમાણમાં સાચી થતી જણાઈ રહી છે કારણ કે, આખા ઉત્તર ભારતમાં છેલ્લા ૩ દિવસથી ન્યૂનતમ તાપમાન સતત નીચે જઈ રહ્યું છે.

જો માત્ર દિલ્હીના તાપમાનની જ વાત કરવામાં આવે તો, શનિવારે ત્યાં લઘુત્તમ તાપમાન ૬સે હતું અને રવિવારે ૪.૬ સિલ્સિયસ હતું. સોમવારે સવારે દિલ્હીએ સીઝનની સૌથી ઠંડી સવાર જોઈ જ્યારે લઘુત્તમ તાપમાન ૩.૨ ડિગ્રી નોંધાયું હતું. આવી પરિસ્થિતિમાં સામાન્ય લોકો ચિંતામાં છે કે, આ ઠંડીનો પ્રકોપ ક્યાં સુધી ચાલશે અને ડિસેમ્બરના મધ્યમાં ઠંડી અચાનક આટલી કેમ વધી ગઈ?

નિષ્ણાતોના મતે ભારતમાં આ વર્ષે તીવ્ર ઠંડી પાછળનું એક કારણ 'લા નીના'ની અસર છે. અમેરિકન જીઓ સાયન્સ ઈન્સ્ટિટ્યુટ અનુસાર "અલ નીનો" અને "લા નીના" શબ્દનો સંદર્ભ પ્રશાંત મહાસાગરની સમુદ્રી સપાટીના તાપમાનમાં સમય સમય પર થતા બદલાવોથી છે અને તેની અસર દુનિયાભરના હવામાન પર પડે છે. સીધા શબ્દોમાં સમજીએ તો અલ નીનોના કારણે તાપમાન ગરમ થાય છે અને લા નીનાના કારણે તાપમાન ઠંડુ થાય છે. બંને સામાન્ય રીતે ૯-૧૨ મહિના સુધી રહે છે પરંતુ અસાધારણ કિસ્સાઓમાં ઘણા વર્ષો સુધી રહી શકે છે.

જ્યારે ભૂમધ્યરેખીય પ્રશાંત મહાસાગર વિસ્તારની સપાટી પર હવાનું દબાણ ઓછું હોય ત્યારે આ સ્થિતિ સર્જાય છે. તેની ઉત્પત્તિના વિવિધ કારણો માનવામાં આવે છે પરંતુ સૌથી પ્રચલિત કારણ એ છે કે, તે ત્યારે ઉત્પન્ન થાય છે જ્યારે ટ્રેન્ડ વિન્ડ એટલે કે પૂર્વ દિશાનો પવન ખૂબ જ ઝડપથી ફૂંકાય છે. તેનાથી સમુદ્રી સપાટીનું તાપમાન ઘણું ઓછું થઈ જાય છે. આની સીધી અસર દુનિયાભરના તાપમાન પર થાય છે અને તાપમાન સરેરાશ કરતા વધારે ઠંડુ થઈ જાય છે. લા નીનાથી સામાન્ય રીતે ઉત્તર-પશ્ચિમમાં હવામાન ઠંડુ અને દક્ષિણ-પૂર્વમાં હવામાન ગરમ હોય છે. ભારતમાં આ દરમિયાન તીવ્ર ઠંડી રહે છે અને વરસાદ પણ સારા પ્રમાણમાં પડે છે.

લા નીનાના કારણે પૂર્વમાં સ્થિત રુસના સાઈબેરિયા અને દક્ષિણ ચીનનો ઠંડો પવન ભારતીય મહાદ્વીપ તરફ આવે છે. આ પવનની અસર એવી થાય છે કે, કેટલીક વાર દક્ષિણ ભારતના રાજ્યોમાં તાપમાન સરેરાશ નીચું ચાલ્યું જાય છે. શિયાળામાં ઉત્તરમાં લા નીનાના કારણે ઉત્તરી વિસ્તારથી લઈને અફઘાનિસ્તાન, ઈરાન અને હિંદુ-કુશની બરફીલી ટેકરીઓ સુધી લા નીના તીવ્ર ઠંડી ઉત્તપન્ન કરે છે.વૈજ્ઞાનિકોના મત પ્રમાણે આ વખતે લા નીનાના કારણે તીવ્ર ઠંડીની સ્થિતિ ડિસેમ્બરથી લઈને ફેબ્રુઆરી સુધી ચાલશે. એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે, આ દરમિયાન લા નીનાની અસર વધારે મજબૂત થઈ જશે. જોકે, ભારતમાં ઠંડીની તીવ્રતા માત્ર લા નીનાની અસર પર જ નિર્ભર નથી પરંતુ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ જેવા કેટલાક અન્ય પરિબળો પણ શિયાળાની ઋતુમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# એસ- ૪૦૦ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમની પહેલી ખેપ પંજાબમાં તૈનાત



નવીદિલ્હી,

રશિયાએ ભારતને એસ-૪૦૦ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમની પહેલી ખેપ મોકલી દીધી છે. કોઈ પણ પ્રકારના હવાઈ હુમલાનો સામનો કરવા માટે સક્ષમ જી-૪૦૦ મિસાઈલને પંજાબ સેક્ટર ખાતે તૈનાત કરવામાં આવી છે જ્યાંથી ચીન અને પાકિસ્તાનની કોઈ પણ હરકતનો જવાબ આપી શકાશે. સરકારી સૂત્રોના કહેવા પ્રમાણે જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમને પંજાબ સેક્ટરમાં તૈનાત કરવામાં આવી છે.

સૂત્રોએ જણાવ્યું કે, મિસાઈલ સિસ્ટમના પાર્ટ હવાઈ અને સમુદ્રી માર્ગે ભારત પહોંચ્યા છે અને તેને શક્ય તેટલી ઝડપથી નિશ્ચિત જગ્યાઓએ તૈનાત કરવામાં આવશે. મિસાઈલ સિસ્ટમની પહેલી સ્ક્વોડ્રન આ વર્ષના અંત સુધીમાં ભારતને મળી જશે. ત્યાર બાદ ઈસ્ટર્ન ફ્રન્ટ પર ફોકસ કરવામાં આવશે.

આ મિસાઈલ જમીન પરથી હવામાં પ્રહાર કરે છે માટે ભારતની મારક ક્ષમતા વધુ મજબૂત બની જશે. એસ-૪૦૦માં સુપરસોનિક અને હાઈપર સોનિક મિસાઈલ્સ હોય છે જે ટાર્ગેટને ભેદવામાં માહેર છે. જી-૪૦૦ વિશ્વના સૌથી આધુનિક હથિયારોમાં આવે છે. આ મિસાઈલ દુશ્મનોના ફાઈટર વિમાનો, ડ્રોન, મિસાઈલ્સ અને ત્યાં સુધી કે સંતાયેલા વિમાનોને મારવા માટે પણ સક્ષમ છે. તેની મદદથી રડારમાં પકડમાં ન આવે તેવા વિમાનોને પણ મારી શકાશે.

એસ-૪૦૦ના લોન્ચરમાંથી ૩ સેકન્ડમાં ૨ મિસાઈલ્સ છોડી શકાશે. તેમાંથી છૂટેલી મિસાઈલ્સ ૫ કિમી પ્રતિ સેકન્ડની ગતિ ધરાવે છે અને ૩૫ કિમીની ઉંચાઈ સુધી વાર કરી શકે છે. તેના આવવાથી ભારતની ઉત્તરી, પૂર્વીય અને ઉત્તર પશ્ચિમી સરહદને સુરક્ષા મળશે. ભારતે જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમ માટે ઓક્ટોબર ૨૦૧૯માં રશિયા સાથે સમજૂતી કરી હતી જેના અંતર્ગત ૫.૪૩ અબજ ડોલર (આશરે ૪૦ હજાર કરોડ રૂપિયા)માં ૫ એસ-૪૦૦ રેજિમેન્ટ ખરીદવામાં આવશે.

# નર્મદાનું જળસ્તર ઘટ્યું, નદી નાશ પામી રહી છે : મેધા પાટકરે

નર્મદા,

સામાજિક કાર્યકર મેધા પાટકરે દાવો કર્યો હતો કે ગુજરાતમાં સરદાર સરોવર ડેમની ઊંચાઈ વધાર્યા બાદ નર્મદા નદીનું જળસ્તર ઘટી ગયું છે, જે નદીને નષ્ટ કરી રહ્યું છે અને માછીમારોને જ પ્રતિકૂળ અસર કરી રહ્યું છે. જો સમયસર કાળજી લેવામાં નહીં આવે તો નદીઓ અને પર્યાવરણને ઘણું નુકસાન થશે. તેમણે કહ્યું કે સરદાર સરોવર (ડેમ)ની ઊંચાઈ ભલે વધી હોય, પરંતુ તેના કારણે (નદીના) જળ સ્તરમાં ઘટાડો થયો છે.

નર્મદા બચાવો આંદોલનમાં મોખરે રહેલા મેધા પાટકરે આક્ષેપ કર્યો હતો કે સરદાર સરોવર પ્રોજેક્ટે ગુજરાતના નર્મદા જિલ્લામાં સ્થિત મેગા ડેમ હેઠળ રહેતા માછીમારોની આજીવિકા જોખમમાં મુકી છે.

મેધા પાટકરે યુવાનોને ઈનલેન્ડ વોટરવે પ્રોજેક્ટ પર સરકાર સામે લડત આપવા હાકલ કરી છે. તેઓ માને છે કે જો સમયસર કાળજી લેવામાં નહીં આવે તો નદીઓ અને પર્યાવરણને ઘણું નુકસાન થશે. તેમણે કહ્યું કે સરદાર સરોવર (ડેમ)ની ઊંચાઈ ભલે વધી હોય, પરંતુ તેના કારણે (નદીના) જળ સ્તરમાં ઘટાડો થયો છે. નર્મદા નદી નાશ પામી છે.

તેમણે કહ્યું કે, યોગ્ય પર્યાવરણીય મંજૂરી મેળવ્યા વિના આંતરદેશીય જળમાર્ગ પ્રોજેક્ટ જેવા વિકાસ કાર્યો શરૂ કરવામાં આવી રહ્યા છે. નર્મદા નદી ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યમાંથી વહે છે. નર્મદા કંટ્રોલ ઓથોરિટીએ ૨૦૧૪માં મેગા ડેમની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટરથી વધારીને ૧૩૮.૬૮ મીટર કરવાની મંજૂરી આપી હતી. ત્યારથી કેટલાક સામાજિક કાર્યકરો તેની સામે અવાજ ઉઠાવી રહ્યા છે.

# કરાચીમાં હિન્દૂ મંદિર પર હુમલો, કટ્ટરપંથીઓએ મા દુર્ગા મૂર્તિ તોડી

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનને રિયાસત-એ-મદીના બનાવવાનું વચન આપીને સત્તામાં આવેલા ઈમરાન ખાનના શાસનકાળમાં હિંદુ મંદિરો પર હુમલા વધી રહ્યા છે. તાજેતરના હુમલામાં, ઉગ્રવાદીઓના ટોળાએ પાકિસ્તાનની આર્થિક રાજધાની કહેવાતા કરાચી શહેરમાં એક હિન્દુ મંદિર પર હુમલો કર્યો અને દેવી દુર્ગાની મૂર્તિના ધડને તોડી નાખ્યું. ઉગ્રવાદીઓએ મંદિરમાં પણ ઘણી તોડફોડ કરી છે. ઈમરાનના શાસનમાં છેલ્લા ૨૨ મહિનામાં હિન્દુ મંદિરો પર આ ૯મો મોટો હુમલો છે. કરાચીમાં મોટી સંખ્યામાં હિંદુઓ રહે છે.

કહેવામાં આવી રહ્યું છે કે કટ્ટરવાદીઓએ કરાચીના નારિયાન પુરા હિન્દુ મંદિર પર હુમલો કર્યો છે. આ હુમલામાં એક મૂર્તિનું ધડ કપાઈ ગયું છે, તો બીજી મા દુર્ગાની મૂર્તિને ખરાબ રીતે નુકસાન થયું છે. તેઓએ આખા મંદિરનો નાશ કર્યો. પાકિસ્તાની પત્રકાર વિનગાસના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૨ મહિનામાં હિન્દુ મંદિરો પર આ ૯મો મોટો હુમલો છે. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે સુપ્રીમ કોર્ટ સતત નોટિસ જારી કરી રહી છે અને ઈમરાન ખાન સરકાર દાવો કરી રહી છે કે તેઓ મંદિરોની સુરક્ષા કરી રહી છે.

જો કે, ઈમરાન ખાનનો આ દાવો પોકળ સાબિત થઈ રહ્યો છે અને કટ્ટરપંથીઓ પાકિસ્તાનમાં હિન્દુઓના મંદિરો પર સતત હુમલા કરી રહ્યા છે. થોડા મહિના પહેલા જ પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં એક ગણેશ મંદિર પર ઉગ્રવાદીઓએ હુમલો કરીને મંદિરને નષ્ટ કરી દીધું હતું. આ હુમલા બાદ સમગ્ર વિશ્વમાં આકરી ટીકા થઈ હતી, ત્યારબાદ વડાપ્રધાન ઈમરાન ખાને ૨૪ કલાક બાદ મૌન તોડ્યું હતું. ઈમરાન ખાને પણ વચન આપ્યું છે કે તેમની સરકાર આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવશે.

આ પહેલા પણ ઈમરાન ખાને ઈસ્લામાબાદમાં મંદિર બનાવવાનું વચન આપ્યું હતું, પરંતુ કટ્ટરપંથીઓના વિરોધને કારણે તેમણે પોતાનું વચન તોડી નાખ્યું હતું. ઈમરાન ખાને ટ્વીટ કરીને લખ્યું, "ગઈકાલે રહીમ યાર ખાનના ભોંગમાં ગણેશ મંદિર પર થયેલા હુમલાની સખત નિંદા કરું છું. મેં પહેલાથી જ આઈજી પંજાબને તમામ ગુનેગારોની ધરપકડ સુનિશ્ચિત કરવા અને પોલીસની કોઈપણ બેદરકારી સામે પગલાં લેવા જણાવ્યું છે. સરકાર મંદિરનો જીર્ણોદ્ધાર પણ કરશે. પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે આ કેસમાં પંજાબ પ્રાંતના મુખ્ય સચિવ અને પોલીસ મહાનિરીક્ષકને ૨૪ કલાકની અંદર હાજર થવાનો આદેશ આપ્યો હતો.

# ઉન્નાવ બળાત્કાર કેસના આરોપી કુલદીપ સિંહ સેંગરને કોર્ટે નિર્દોષ જાહેર કર્યા



નવીદિલ્હી,

દિલ્હીની એક અદાલતે ઉન્નાવ રેપ પીડિતાના રોડ અકસ્માત કેસમાં ભૂતપૂર્વ ધારાસભ્ય કુલદીપ સિંહ સેંગરને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. સીબીઆઈએ પણ ઉન્નાવ રેપ પીડિતાના માર્ગ અકસ્માત કેસમાં કોઈ કાવતરું હોવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે સીબીઆઈ તપાસના પરિણામને સમર્થન આપ્યું છે.દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે સોમવારે ઉન્નાવ બળાત્કાર પીડિતાના ૨૦૧૯ના અકસ્માત કેસમાં ભાજપના હકાલપટ્ટી કરાયેલા ધારાસભ્ય અને બળાત્કારના આરોપી કુલદીપ સિંહ સેંગરને અકસ્માત કેસમાં નિર્દોષ જાહેર કર્યા છે. સેંગરને ૨૦૧૯માં ૨૦૧૭માં સગીર પર બળાત્કાર કરવાના એક અલગ કેસમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. નોંધનીય છે કે વર્ષ ૨૦૧૯ માં, બળાત્કાર પીડિતા, તેના પરિવારના સભ્યો અને વકીલ કારમાં હતા ત્યારે રાયબરેલીમાં એક ઝડપી ટ્રકે તેમને ટક્કર મારી હતી, જેમાં પીડિતાના બે સંબંધીઓના મોત થયા હતા. પીડિતા અને તેના વકીલ ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત બાદ, ભારતીય જનતા પાર્ટી (ભાજપ)માંથી તેમને કાઢી દેવામાં આવ્યા હતા. ધારાસભ્ય કુલદીપ સિંહ સેંગર અને અન્ય નવ લોકો વિરુદ્ધ હત્યાનો કેસ નોંધવામાં આવ્યો હતો. પીડિત પરિવારે અકસ્માત પાછળ ષડયંત્ર હોવાનો આક્ષેપ કરીને ફરિયાદ નોંધાવી હતી. નોંધનીય છે કે કુલદીપ સિંહ સેંગરને ૨૦ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ ૨૦૧૭માં એક સગીર સાથે બળાત્કારના એક અલગ કેસમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. ૪ માર્ચ, ૨૦૨૦ ના રોજ, સેંગર, તેના ભાઈ અને અન્ય પાંચને પણ બળાત્કાર પીડિતાના પિતાના કસ્ટોડિયલ મૃત્યુ માટે દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને તેમને ૧૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી.

# ભારત વિરોધી ૨૦ પાકિસ્તાની યુટુબ ચેનલ પર પ્રતિબંધ

નવીદિલ્હી,

ભારત સરકારે દેશ વિરોધી પ્રચાર ફેલાવતી ૨૦ યુટ્યુબ ચેનલો પર પ્રતિબંધ મૂક્યો છે.તાજેતરમાં સામેલ કરાયેલી માર્ગદર્શિકાના આધારે પ્રથમ વખત તેમના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ યુટ્યુબ ચેનલો સાથે ૨ વેબસાઈટ્સ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ચેનલો અને વેબસાઈટ કથિત રીતે પાકિસ્તાનથી સંચાલિત હતી અને દેશમાં ભારત વિરોધી પ્રચાર ફેલાવે છે.

નામ જાહેર ન કરવાની શરતે એક સૂત્રએ જણાવ્યું કે માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ અપૂર્વ ચંદ્રાએ આ સામગ્રીને તાત્કાલિક અસરથી બ્લોક કરવા માટે યુટયુબ અને ટેલિકોમ વિભાગને પત્ર લખ્યો છે, કારણ કે તે ભારતની સાર્વભૌમત્વ અને અખંડિતતાને અસર કરે છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પ્રચાર પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસ ઈન્ટેલિજન્સ દ્વારા ફેલાવવામાં આવી રહ્યો હતો. તેમણે કહ્યું કે તેમની વચ્ચે 'નયા પાકિસ્તાનહ્ન નામની એક યુટ્યુબ ચેનલ હતી, જેના યુટ્યુબ પર ૨૦ લાખથી વધુ સબસ્ક્રાઈબર્સ હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચેનલ કાશ્મીર, કૃષિ કાયદા સામે ખેડૂતોના વિરોધ અને અયોધ્યા જેવા મુદ્દાઓ પર "ખોટા સમાચાર" ચલાવી રહી હતી.

સુરક્ષા એજન્સીઓએ પહેલા આ સામગ્રી વિશે માહિતી આપી, ત્યારબાદ સૂચના અને પ્રસારણ મંત્રાલયે તપાસ કરી. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, "આ પ્રથમ વખત છે કે જ્યારે આઈટી નિયમો, ૨૦૨૧ હેઠળ કટોકટીની સત્તાઓનો ઉપયોગ ભારત વિરોધી પ્રચાર કરતી વેબસાઈટ્સ પર પ્રતિબંધ મૂકવા માટે કરવામાં આવ્યો છે."

# કાશી વિશ્વનાથ મંદિર : તેના નામ પર વડાપ્રધાન જનતાને છેંતરે નહીં : સુબ્રમણ્યમ સ્વામી



નવીદિલ્હી,

ભાજપ સાંસદ અને વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ એકવાર ફરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નિશાના પર લીધા છે.આ વખતે તેમણે વડાપ્રધાન મોદીના વારાણસી પ્રવાસ અને કાશી વિશ્વનાથને લઈ તેમના નિવેદનો પર વાંધો ઉઠાવ્યો છે.તેમણે કહ્યું કે મોદીજીએ કાશી વિશ્વનાથ મંદિરના નામ પર જનતાની સાથે છેંતરપીડી કરવી જોઈએ નહીં.તેમણે એક ટ્વીટ કરી કહ્યું કે હોલ્કરની રાની અહિલ્યાબાઈએ આપણા માટે જે બનાવ્યું હતું તેના માટે મોદીએ કાશી વિશ્વનાથ મંદિર શબ્દમાં હેરાફેરી કરવી જોઈએ નહીં હિન્દુ જ્ઞાનવાપી કાશી વિદ્યાનાથ મંદિરને ભુલી જાય છે જે ઔરંગજેબ દ્વારા તેના પર મસ્જિદ બનાવવા સુધી અનેકવાર નષ્ટ કરવામાં આવ્યું હતું આ વાત નંદી બૈલ પણ ભુલ્યા નથી.જ્ઞાનવાપી કાશી વિશ્વનાથ મંદિર આજે પણ તેના પર જબરજસ્તી બનેલ એક મસ્જિદના કબજામાં છે કોઈ પણ અસ્થાયી નકલી સંસ્કરણ તેને પ્રતિસ્થાપિત કરી શકે નહીં. સોમવારે મથુરાના બરસાનામાં એક કાર્યક્રમમાં ભાગ લેવા આવેલા સ્વામીએ ત્યારે વડાપ્રધાન મોદી પર કટાક્ષ કર્યો હતો.આ દરમિયાન તેમણે વડાપ્રધાનની સાથે નાણાંમંત્રી નિર્મલા સીતારમણ પર પણ પોતાનો ગુસ્સો વ્યકત કર્યો હતો. સ્વામીએ કહ્યું કે વડાપ્રધાનની સાથે સાથે નાણાંમંત્રીને પણ અર્થશાસ્ત્રનું જ્ઞાન નથી વડાપ્રધાન અને નાણાંમંત્રી બંન્ને જ ઘમંડમાં છે.આ પહેલા વડાપ્રધાન મોદીએ વારાણસીમાં મહત્વાકાંક્ષી કાશી વિશ્વનાથ ગલિયારા પરિયોજનાના પહેલા તબક્કાનું ઉદ્દ્ઘાટન કર્યું હતું જેને કાશી વિશ્વનાથ ધામ કહેવામાં આવે છે.

# આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : કામકાજમાં પ્રસન્નતા જળવાઈ રહેશે, સ્નેહીના સંપર્કથી લાભ થશે, વ્યવસાયમાં વૃદ્ધિ થશે, પરિવારના સુખમાં વૃદ્ધિ થશે.

વૃષભ (બ.વ.ઉ.) : સરકારી કામમાં સફળતા મળશે, કરેલા કાર્યો ફળદાઈ બનશે,નોકરી બાબતે સારા સમાચાર મળશે, ધંધામાં લાભ મેળવી શકશો.

મિથુન (ક.છ.ઘ.) : કામમાં નિરાશાનો અનુભવ થશે, સંતાનના પ્રશ્નોમાં ચિંતા જણાશે, ઈષ્ટમિત્રોનો સહયોગ મળશે, ધર્મપ્રત્યેની શ્રધ્ધામાં વધારો થશે.

કર્ક (ડ.હ.) : ધન અને માનનો વ્યય જણાશે, નોકરીમાં પરેશાની રહેશે, માનસિક તણાવ જણાશે, વ્યવસાયમાં પ્રગતિ અને લાભ જણાશે.

સિંહ (મ.ટ.) : દરેક કામકાજમાં સફળતા મળશે, ધંધામાં નવી તકો મળશે, નોકરીમાં બઢતીની તકો મળશે, પારિવારિક સબંધોમાં લાભ થશે.

કન્યા (પ.ઠ.ણ.) : ધંધાનાં કામમાં સફળતા મળશે, પ્રતિસ્પર્ધી પક્ષથી વિજય મેળવશો, આત્મવિશ્વાસમાં વધારો થશે, ઘરમાં આનંદનું વાતાવરણ જળવાશે.

તુલા (ર.ત.) : ભાગીદારો સાથે વૈચારિક મતભેદ જણાશે, નવા સબંધોમાં નિરાશા જણાશે,નોકરીમાં નવી તકો મળશે, સંતાનપક્ષે શુભ સમાચાર મળશે.

વૃશ્ચિક (ન.ય.) : પરિશ્રમ પછી પણ કામ અધુરુ જણાશે, સ્વજનોના હસ્તક્ષેપથી મન વિચલીત જણાશે, નોકરીમાં સહયોગીઓનો સહકાર મળશે, વ્યવસાયમાં ધનલાભ થશે.

ધન : (ભ.ધ.ફ.ઢ.) : આજે ભાગ્ય અનુકુળ જણાય છે, રાજનૈતિક ક્ષેત્રમાં પ્રગતિ જણાશે, વિકાસના કાર્યોમાં ગતિ આવશે, દિવસ આનંદમાં પસાર થશે.

મકર (ખ.જ.) : વાદ-વિવાદના કામથી બચવુ, આર્થિક સ્થિતિમાં મધ્યમ સુધારો જણાય છે, ધંધામાં પ્રગતિ અને ધનલાભ થશે, પરિવારમાં સામાન્ય અશાંતિ જણાશે.

કુંભ (ગ.શ.ષ.સ.) : કામની સફળતામાં ખુશી અનુભવશો, નોકરીમાં પ્રમોશન અથવા શાંતિ મળશે, સ્વજનોનો સહયોગ મળશે, ધંધામાં સુધારો જોવા મળશે.

મીન (દ.ચ.ઝ.થ.) : માનસિક તણાવ જણાશે, કામમાં મધ્યમ સફળતા મળશે,વિરોધીઓથી સાવધાન રહેવુ, નિરાશાથી દુર રહેવુ.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લાની ૩૨૭ ગ્રામ પંચાયતોની મતગણતરી શરૂ : ધીમેધીમે પરિણામો આવવાની શરૂઆત સાથે કહી ખુશી કહી ગમ જેવો માહોલ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં ૩૨૭ ગ્રામ પંચાયતોની ચુંટણીની આજે મત ગણતરી દાહોદ જિલ્લના ૦૯ તાલુકાઓમાં બુથ મથકોએ મતગણતરીનો વહેલી સવારથી આરંભ થઈ ગયો હતો. જેમ જેમ સરપંચ અને સભ્ય વિજેતા ઉમેદવાર જાહેર થતાં તેમના ટેકેદારો સહિત કાર્યકરોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. ડી.જે. ઢોલ નગારાના તાલે વિજયોત્સવ સરઘસ પણ નીકળ્યાં હતાં. આજની ગ્રામ પંચાયતના પરિણામને પગલે કહી ખુશી કહી ગમનો માહોલ પણ જોવા મળ્યો હતો.

દાહોદ જિલ્લામાં કુલ ૩૨૭ ગ્રામ પંચાયતની ચુંટણીમાં કુલ ૮૨.૪૧ ટકા મતદાન થયું હતું. દાહોદ જિલ્લામાં ૨૪ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થતાં ૩૨૭ ગ્રામ પંચાયતોની ચુંટણી ગતરોજ યોજાઈ હતી. મતદાન બાદ આજે મતગણતરી કરવામાં આવી હતી જેમાં દાહોદ, ઝાલોદ, સંજેલી, ફતેપુરા, ગરબાડા, ધાનપુર, સીંગવડ, લીમખેડા અને દેવગઢ બારીઆ ખાતે મતગણતરી બુથ મથકોએ મતગણતરી કામગીરી આરંભ કરવામાં આવી હતી. બેલેટ પેપરથી મતગણતરી કરવાની હોઈ ઘણા સ્થળોએ પરિણામો જાહેર કરવામાં વિલંબ પણ થયો હતો. જેમ જેમ મતગણથરી થતી ગઈ અને સરપંચ સહિત તેમના સભ્યો વિજય જાહેર થતાં ગયાં તેમ તેમ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. હારેલા ઉમેદવારોમાં ગમનો માહોલ પણ જોવા મળ્યો હતો. વિજય ઉમેદવારોનો ડી.જે. ઢોલ નગારાના તાળે વિજયોત્સવ સરઘસ પણ નીકળ્યું હતું. તમામ સ્થળોએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, બેલેટ પેપરથી મતગણતરી બેલેટ પેપરથી થતી હોય જેને પગલે મતગણતરી પ્રકિયા મોડીરાત્રી સુધી ચાલી શકે છે.

## લીમખેડા મત ગણતરી સ્થળે પોલીસ લાઠી ચાર્જના બનાવથી દોડધામ મચી



લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા મતગણતરી કેન્દ્ર ઉપર લાઠીચાર્જનો બનાવ સામે આવ્યો છે. જેમાં અસંખ્ય ભીડને કારણે પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. લાઠીચાર્જને પગલે કેન્દ્ર વિસ્તારમાં દોડધામના દ્રશ્યો સર્જાયાં હતાં.

દાહોદ જિલ્લામાં મતગણતરી ચાલુ છે. ત્યારે લીમખેડા મતગણતરી કેન્દ્ર ઉપર લોકોનો અસંખ્ય ભીડને કારણે ફરજ પર હાજર પોલીસને લાઠીચાર્જનો સહારો લેવો પડ્યો હતો. લાઠીચાર્જને લઈ મતગણતરી કેન્દ્ર વિસ્તારમાં દોડધામ સહિત નાસભાગના દ્રશ્યો સર્જાયાં હતાં. દાહોદ જિલ્લામાં સમગ્ર મત ગણતરી કેન્દ્ર ખાતે અસંખ્ય લોકોનો આજે ભારે ભીડ જામી હતી. ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયાં હતાં. વિજયોત્સવ ઉમેદવારોના સરઘસો જાહેર માર્ગો ઉપરથી પસાર થઈ રહ્યાં હતા. જેને પગલે અવર જવર કરતાં વાહન ચાલકો તેમજ રાહદારીઓને પસાર થવામાં પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

## દે.બારીયાના નગવાવ ગામે બુથ ઉપર બંદોબસ્તમાં ઉભેલ પોલીસને ધમકી આપતા નવ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ

દાહોદ,

દે.બારીયા તાલુકાના નગવાવ ગામે બુથની બહાર બંદોબસ્તમા ઉભેલ પોલીસને ગાળો બોલી મારી નાખવાની ધાકધમકીઓ આપી નગવાવ ગામના નવ જેટલા ઈસમોએ પથ્થરમારો કરતા બે પોલીસ કર્મીને સામાન્ય ઈજાઓ થયાનું જાણવા મળેલ છે. પ્રાપ્ત વિગત અનુસાર નગવાવ ગામના નિશાળ ફળીયામાં રહેતા હરીશ વીરસીંગભાઈ પરમાર, શૈલેષ સનાભાઈ પરમાર, દિનેશ સળુભાઈ પરમાર, રતનભાઈ કાનજીભાઈ પરમાર, પરસોત્તમ ફારમભાઈ પરમાર, પ્રકાશ સળુભાઈ પરમાર, સુરેશ પર્વતભાઈ પરમાર, જવાહર બાબરભાઈ પરમાર તથા પર્વતભાઈ ગુલજીભાઈ પરમાર એમ નવ જણાએ ગ્રામ પંચાયતની ચુંટણીમા નગવાવ ગામે મતદાનના દિવસે સાંજે સાડા પાંચ વાગ્યાના સુમારે બુથની બહાર ગેરકાયદેસર મંડળી બનાવી બુથમાં બોગસ વોટીંગ થાય છે અને તમે શું જુઓ છો ? આટલી બધી પોલીસ કેમ બોલાવી છે ? તેમ કહી બેફામ ગાળો બોલી કિકિયારીઓ કરી પોલીસને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ફરજ પરની પોલીસ પર પથ્થરમારો કરી કિરણાઈ ખાતુભાઈ નામના હેડ કોન્સ્ટેબલ સહીત બે પોલીસ કર્મીઓને ઈજાઓ થવા પામી હતી.

આ સંબંધે ઈજાગ્રસ્ત હેડ કોન્સ્ટેબલ કીરણભાઈ ખાતુભાઈએ નોંધાવેલ ફરીયાદને આધારે પોલીસે નગવાવ ગામના ઉપરોક્ત નવે જણા વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સીંગવડના પીસોઈ ગ્રામ પંચાયતના પરિણામમાં હારેલા ઉમેદવારોના સમર્થકો દ્વારા વિજેતા ઉમેદવારના સમર્થકો ઉપર હુમલો



દાહોદ,

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકામાં મતગણતરી સમયે પીસોઈ ગ્રામ પંચાયતનું પરિણામ જાહેર થતાં હારેલા ઉમેદવારના સમર્થકો દ્વારા વિજયી ઉમેદવારોના સમર્થકો પર પથ્થર મારો કરતાં એકને ગંભીર ઈજા પહોંચતાં તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડાયાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લામાં હાલ સમગ્ર તાલુકાઓમાં ગ્રામ પંચાયતની ચુંટણીનો માહોલ જોવા મળી રહ્યો છે. દાહોદ જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં મતગણતરીની કામગીરી ચાલી રહી છે. ત્યારે સીંગવડ તાલુકામાં મતગણતરી સમયે પીસોઈ ગ્રામ પંચાયતના સરપંચ પદના ઉમેદવાર જાહેર થતાં હારી ગયેલા ઉમેદવારના સમર્થકો દ્વારા વિજેતા ઉમેદવારના સમર્થકો ઉપર પથ્થર મારો કરતાં અફરા તફરીનો માહોલ સર્જાવા પામ્યો હતો. પથ્થર મારામાં એક વ્યકિતને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં તેને તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલંશ સેવા મારફતે નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાને પગલે પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો. પોલીસને જોઈ ટોળું વિખેરાઈ ગયું હતું. પોલીસે ભારે જહેમત બાદ વણસી ગયેલ સ્થિતીને કાબુમાં લીધી હતી.

## દે.બારીયા તાલુકાના નગવાવ ગામે બોગસ વોટીંગ રોકવા ગયેલ પોલીસ પર પથ્થરમારો : બે ને ઈજા

- બામરોલી મુવાડા ગામે બોગસ વોટીંગનો કિસ્સો સામે આવ્યો.
- ભારતીય સેન્યમાં ફરજ બજાવતા જવાનની પત્નીના નામે કોઈ વોટ નાખી ગયું.

દાહોદ,

દાહોદ જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણીનું મતદાન શાંતિપુર્ણ રીતે સંપન્ન થયુ છે, પરંતુ કેટલાક બોલાચાલીના સામાન્ય બનાવની સાથે સાથે બોગસ વોટીંગના બનાવો પણ બન્યાનું જાણવા મળ્યુ છે. ત્યારે દે.બારીયાના બામરોલી મુખ્ય શાળા, પ્રાથમિક શાળામા પોતાના આર્મીમેન પતિ સાથે જમ્મુ-કાશ્મીરના ઉધમપુર ખાતે રહેતી બામરોલીની દિકરીના નામથી અન્ય કોઈ મતદાન કરી ગયાનો કિસ્સો બહાર આવતા તે દિકરીના પિતાએ પોલીંગ બુથ ઓફીસર આ મામલે ફરજમાં લાપરવાહી દાખવ્યાનો આક્ષેપ કરી પોલીંગ બુથ ઓફીસર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની માંગણી કરી છે.

દે.બારીયાના બામરોલી મુવાડા ગામે રહેતા દિનેશકુમાર વીરસીંગભાઈ સલાટની દિકરી ભારતીબેનના પતિ મુકેશકુમાર જમ્મુ – કાશ્મીરના ઉધમપુરમા આર્મીમા નોકરી કરે છે અને ભારતીબેન હાલ ઉધમપુર ખાતે પોતાના પતિ સાથે રહે છે અને તેનુ મતદાતા તરીકે નામ પણ બામરોલી મુવાડા ગ્રામ પંચાયતમા ચાલતુ હોઈ ગતરોજ યોજાયેલ પંચાયતની ચુંટણીમા ભારતીબેન સલાટ અત્રેના હોઈ તેનો લાભ ઉઠાવી કોઈ વ્યક્તિએ ભારતીબેન સલાટના નામે વોટ આપ્યાનું સલાટ ભારતીબેનના પિતાને ખબર પડતા તે બુથ પર ફરજ બજાવતા પોલીંગ બુથ ઓફીસરે પોતાની ફરજમા લાપરવાહી દાખવી હોવાથી આ બોગસ વોટીંગની ઘટના બની હોવાનો આક્ષેપ કરતી લેખીત રજુઆત સલાટ ભારતીબેનના પિતા દિનેશકુમાર વીરસીંગભાઈ સલાટે બામરોલી મુવાડા ગ્રામ પંચાયત ખાતેના બથ અધિકારીને કરી છે.

## દાહોદ ઉમેદવારી નોંધાવવાના મુદ્દે સશસ્ત્ર ધિંગાણું : એક સહિત ચારને ગંભીર ઈજા

દાહોદ,

દાહોદ તાલુકાના પુંસરી ગામે ગ્રામ પંચાયતની ચુંટણીના મતદાન બાદ સશસ્ત્ર ધિંગાણામા તલવાર, ધારીયું, લોખંડની પાઈપ, લાકડી જેવા મારક હથિયારો ઉછળતા એક મહિલા સહિત ચાર જણાને ગંભીર ઈજાઓ થયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ તાલુકાના પુંસરી ગામના રાકેશ મથુર ભુરીયા, માના ગોબરીયા ભુરીયા, કનુ દીતા ભુરીયા, લીલેશ કનુ ભુરીયા, દીતા બાલુ ભુરીયા, સુરેશ ગુલા માવી, પુજા વરસીંગ ભાભોર, મુળીયા માનસીંગ ભાભોર, રમણ વાઘજી ભુરીયા, ગુલા ભુરા માવી, રમેશ સકરા ભાભોર, ચંદુ મલા ભુરીયા, વાઘા મલા ભુરીયા, રમણ ધુળીયા દહીયા, રમસુ ખુનજી ભુરીયા, કાળીયા રતના ભાભોર તથા રાકેશ ચંદુ ભુરીયાએ પરમ દિવસે તા.૧૯.૧૨.૨૧ના રોજ ગેરકાયદેસર મંડળી બનાવી હાથમા તલવાર, ધારીયા લોખંડની પાઈપો તેમજ લાકડીઓ જેવા મારક હથિયારો લઈઆવી અરવીંદ રતના ભુરીયાને ગાળો બોલી ધાકધમકી આપી તમોએ અમારી સામે ઉમેદવારી નોંધાવી હતી. આજે તો તમોને છોડવાના નથી. કહી મનુભાઈ વીરસીંગભાઈ ભુરીયો માથામાં આગળના ભાગે તલવાર મારી ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડી તથા પગે ધારીયુ મારી તેમજ લોખંડની પાઈપ મારી ઈજા કરી, રાજુભાઈ વીરસીંગભાઈ ભુરીયાને કમરના ભાગે તલવાર મારી તેમજ લાકડી મારી ઈજા કરી મંગળીયાભાઈ મગનભાઈ ભુરીયાને લોખંડની પાઈપ મારી તથા ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી હતી. તેમજ રમીલાબેન રતનાભાઈ ભુરીયાને લોખંડની પાઈપ મારી ઈજા કરી તથા ગડદાપાટુનો માર મારી તથા જાનથી મારી નાખવાની ધાકધમકી આપી હતી.

આ સંબંધે પુંસરી ગામના જતનાભાઈ વીરસીંગભાઈ ભુરીયાએ નોંધાવેલ ફરીયાદના આધારે પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરા તાલુકામાં યોજાયેલ ગ્રામ પંચાયતની ચૂંટણીની મતગણતરી શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાઇ



ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં ૧૯ ડિસેમ્બરના રોજ યોજાયેલી ગ્રામ પંચાયતોની ચૂંટણીની મતગણતરી આજરોજ આઈ.કે.દેસાઈ હાઈસ્કુલ ફતેપુરા ખાતે સવારથી શરૂ કરવામાં આવી હતી. જેમાં સાંજના પાંચ વાગ્યા સુધી ૧૫ જેટલી ગ્રામ પંચાયતોના પરિણામો જાહેર થયા હતા. ફતેપુરા તાલુકામાં ૩૨ ગ્રામ પંચાયતોના પરિણામોની મતગણતરી વહેલી સવારે શરૂ થતા મોડી સાંજના આઠ વાગ્યા સુધી વીસ પંચાયતોના પરિણામો જાહેર થયા હતા. વિજેતા ઉમેદવારોના સમર્થકોએ વાજતે ગાજતે ઉજવણી કરી હતી.

| ગામ | સરપંચ |
|---|---|
| આંમલીખેડા | રવિન્દ્રકુમાર કોયાભાઈ મહિડા |
| લીંબડીયા | મીરાબેન શૈલેષભાઈ ગરાસીયા |
| ભોજેલા | ગોવિંદભાઈ દલાભાઈ પરમાર |
| મોટીઢઢેલી | મનિષાબેન મિનેશભાઈ કટારા |
| નવાગામ | રામુ ભાઈ કમજીભાઈ પારગી |
| મોટીરેલ | દક્ષાબેન કલ્પેશભાઈ ડામોર, |
| જગોલા | ચુનીબેન દલસીગભાઈ વડખીયા |

| ગામ | સરપંચ |
|---|---|
| રાવળના વરૂણા | કટારા જેતરીબેન, |
| પાટી | કિરણભાઈ ડોડીયાર, |
| નાના સરણૈયા | શાંતીલાલ ડામોર, |
| વડવાસ | લલીતાબેન કાળુભાઈ ગરવાળ, |
| નવાતળાવ | મંગળીબેન મહીડા, |
| માધવા | નિલાબેન કટારા, |
| હડમત | સુમિત્રાબેન ચારેલ, |
| ખાખરીયા | કનુભાઈ ડામોર, |
| આમલીખેડા | રવિન્દ્રભાઈ મહિડા, |
| લીમડીયા | મીરાબેન ગરાસીયા, |
| ભોજેલા | ગોવિદભાઈ પરમાર, |
| નવાગામ | કૈલાશબેન પારગી, |
| મોટીરેલ | દક્ષાબેન ડામોર, |
| મોટી ઢઢેલી | મનિષાબેન કટારા, |
| જગોલા | ચુનિબેન વડખીયા, |
| ધુધસ | મંગળાભાઈ પારગી, |
| પટીસરા | રાકેશભાઈ બારીઆ, |
| હિંગલા | ચેતનભાઈ કટારા, |
| મોટા નટવા | દિપકભાઈ ચરપોટ |
| નવાતળાવ | મંગળીબેન કાનાભાઈ મહિડા |
| માધવા | નીલાબેન કમલેશભાઈ કટારા |
| નાનાસરણાયા | શાંતિલાલ નાનાભાઈ ડામોર |
| પાટી | કિરણ કુમાર કાળુભાઈ ડોડીયાર |
| હડમત | સુમિત્રાબેન ડી.ચારેલ |
| રાવલનાવરૂણા | જેથરીબેન બીજીયાભાઈ કટારા |
| ખાખરીયા પૂર્વ | કલુભાઈ હીરાભાઈ ડામોર |
| વડવાસ | લલીતાબેન કાળુભાઈ ગરવાલ |

## દાહોદમાં બાગાયત ખેતી કરતા ખેડૂતોની અરજી મંજૂર થઇ હોય તેમણે સહાય મેળવવા તા. ૧૦ જાન્યુઆરી સુધીમાં બિલો રજૂ કરવાના રહેશે

દાહોદ,

દાહોદ જિલ્લાના જે ખેડૂતોએ બાગાયત ખાતાની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે ઓનલાઇન અરજી કરી હતી. આ અરજીઓમાંથી જે ખેડૂતોને મંજૂરી મળી છે તેઓને સહાય કેસના બીલો સ્વીકારવાની અંતિમ તારીખ ૧૦-૧-૨૦૨૨ છે. આ તારીખ સુધીમાં બાયાયતી ખેડૂત મિત્રોએ ખર્ચના અસલ બીલો, વાઉચર, ફોટોગ્રાફ સહિતના સાધનિક કાગળો નાયબ બાગાયત નિયામકની કચેરી, દાહોદ રૂમ નં. ૨૩૩-૨૩૫, બીજો માળ, જિલ્લા સેવા સદન, છાપરી, દાહોદની કચેરીએ રજૂ કરવાના રહેશે તેમ નાયબ બાગાયત નિયામક એ એક યાદીમાં જણાવ્યું છે.

## દાહોદ અજાણ્યા વાહનની ટક્કરે યુવાનનું મોત

દાહોદ,

સંજેલી તાલુકાના હિરોલા ગામે ખેડા ફળીયામાં રોડ પર પુરપાટ દોડી આવતા અજાણ્યા વાહનની ટક્કર વાગતા હિરોલા ગામના ૨૨ વર્ષીય યુવાનનું સ્થળ પર જ મોત નિપજયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર એક અજાણ્યો વાહન ચાલક તેના કબ્જાનું વાહન ગત તા.૧૯.૧૨.૨૧ના રોજ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી હીરોલા ગામે ખેડા ફળીયામાં રોડ પર પગપાળા જઈ રહેલા હિરોલા ગામના ૨૨ વર્ષીય લલીતભાઈ રાજુભાઈ નિસરતાને જોશભેર ટકકર મારી પોતાનુ વાહન લઈ નાસી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં લલીતભાઈને શરીરે ગંભીર ઈજાઓ થતા તેને સારવાર માટે ખસેડવામાં આવે તે પહેલા જ તેનુ સ્થળ પર જ મોત નિપજ્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.102

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા તાલુકાની ૬૫ ગ્રામ પંચાયતોની મત ગણતરી માટે ચુંટણી તંત્ર વ્યવસ્થા કરવામાં નિષ્ફળ રહી



સાંજના છ વાગ્યે તંત્રની આંખો ખુલી. મત ગણતરીમાં એક રૂમનો વધારો કરાયો.



જીતની ખુશીમાં નાચતાં-ઝુમતાં ઉમેદવારો



ગોધરા ગદુકપુર મતગણતરી સેન્ટર પર બહારની સાઈડે લાઈટોનો અભાવ.



ગોધરા અને કાલોલ મતગણતરી સેન્ટર પર મડીયા કર્મીઓ કર્મકરીઓ માટે હલકી ગુણવત્તાવાળુ જમવાનું આવ્યું.

ગોધરા,

ગોધરા તાલુકાની ૬૫ ગ્રામ પંચાયતોની યોજાયેલ ચુંટણીની મત ગણતરીની સરકારી પોલીટિકનીક કોલેજ ગદુકપુર ગામે હાથ ધરવામાં આવી હતી. ગોધરા તાલુકાની ૬૫ ગ્રામ પંચાયતોની ત ગણતરી માટે ચુંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલ વ્યવસ્થામાં અભાવ જોવા મળ્યો હતો. મત ગણતરી સ્થળે મત ગણતરી માટે માત્ર બે સેન્ટર ઉભા કરવામાં આવ્યા હતા. જેને લઈને મત ગણતરીમાં લાંબા સમય લાગી રહ્યો છે. બે મત ગણતરી સેન્ટર દ્વારા હાથ ધરાયેલ ધીમી ગણતરીને લઈ ઉમેદવારો અને સમર્થકોમાં તંત્રની કામગીરી સામે રોષ જોવા મળ્યો હતો. તે જોતાં ચુંટણી તંત્ર દ્વારા વધુ એક મતગણતરી સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. જ્યારે બેલેટ પેપરની મત ગણતરી હાથ ધરવામાં આવી રહી છે. તેમ છતાં જે વ્યવસ્થા મત ગણતરી સેન્ટર ખાતે ઉભી કરવાની થતી હોય તે કરવામાં ગોધરા ખાતે ઉભી કરવાની થતી હોય તે કરવામાં ગોધરા તાલુકા ચુંટણી તંત્ર સદંતર નિષ્ફળ રહી છે.

ગોધરા તાલુકાની ૬૫ ગ્રામ પંચાયતોની ચુંટણી થયેલ હતી. ગ્રામ પંચાયતોની ચુંટણી માટે થયેલ મતદાનની મત ગણતરી ૨૧ ડીસેમ્બરના રોજ ગોધરા સરકારી પોલીટિકનીક કોલેજ ગદુકપુર ગામે હાથ ધરવામાં આવી હતી. ગોધરા તાલુકાની ગ્રામ પંચાયતોની ચુંટણી માટે હાથ ધરાયેલ મત ગણતરી માટે ચુંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલ વ્યવસ્થામાં ખામીઓ જોવા મળી હતી. ૬૫ જેટલી ગ્રામ પંચાયતોની બેલેટ પેપરની મત ગણતરી હાથ ધરવાની હોય ત્યારે માત્ર બે મત ગણતરી સેન્ટર ઉભા કરવામાં આવ્યા હતા. તેમાં પણ બેલેટ મત પત્રની ગણતરી માટે ગોઠવવામાં આવેલ સ્ટાફને ટ્રેનીંગનો અભાવ પણ જોવા મળ્યો છે. વહેલી સવાર થી હાથ ધરાયેલ બેલેટ પેપર મત ગણતરીમાં મોડી સાંજ ૬ વાગ્યા સુધી માત્ર ૨૪ ગ્રામ પંચાયતોના પરિણામો જાહેર થયા છે. ગ્રામ પંચાયતોની મત ગણતરી ધીમી ગતિથી કરાતી હોવાને લઈ ગ્રામ પંચાયતોના ઉમેદવારો અને તેમના સમર્થકોમાં જીલ્લા ચુંટણી તંત્રની કામગીરી સામે રોષ વ્યકત કર્યો હતો. મત ગણતરી ધીમી થતી હોય અને ઉમેદવારો અને સમર્થકોના રોષને જોતાં ચુંટણી તંત્ર દ્વારા સરકારી પોલીટિકનીક કોલેજ ગદુકપુર મત ગણતરી સેન્ટર ખાતે વધુ એક મત ગણતરી સેન્ટર ઉભું કરવામાં આવ્યું છે. ગોધરા તાલુકાની ૬૫ ગ્રામ પંચાયતો પૈકી સાંજ ૬ વાગ્યા સુધી માત્ર ૨૪ ગ્રામ પંચાયતના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. હજી પણ ૪૧ ગ્રામ પંચાયતો મત ગણતરી બાકી રહી છે. મત ગણતરી સ્થળે મોટી સંખ્યામાં ઉમેદવારો અને તેમના સમર્થકો કડકડતી ઠંડીમાં પોતાના ઉમેદવારોના પરિણામોની રાહ જોઈ રહ્યા છે.

- મત ગણતરી માટે માત્ર બે સેન્ટર રખાતા મત ગણના ખૂબ ધીમી.
- બેલેટ પેપર મત ગણતરી હોવા છતાં યોગ્ય વ્યવસ્થાનો અભાવ.
- મોડી સાંજ ૬ વાગ્યા સુધી ૨૪ ગ્રામ પંચાયતોના પરિણામ આવ્યા.
- ધીમી ગણતરીને લઈ વધુ એક મત ગણતરી સેન્ટર વધારવામાં આવ્યું.
- મત ગણતરી મથકના સ્ટાફ અને મિડીયાકર્મીઓ માટે કરાયેલ જમવાની વ્યવસ્થા અયોગ્ય.
- કર્મચારીઓને ઠંડુ અને ખરાબ જમવાનું અપાયું.

## ગદુકપુર મત ગણતરી મથક બહાર લાઈટની વ્યવસ્થા કરવામાં તંત્ર નિષ્ફળ

ગોધરા તાલુકાની ૬૫ ગ્રામ પંચાયતો માટે સરકારી પોલીટિકનીક કોલેજ ગદુકપુર ગામે મત ગણતરી હાથ ધરવામાં આવી છે. ચુંટણ તંત્રને બેલેટ પેપરની મત ગણતરી થનાર હોય તેવી જાણકારી હોવા છતાં મત ગણતરી સ્થળની બહાર લાઈટની સુવિધા પણ ઉભી કરવામાં નિષ્ફળ રહ્યું છે.

## કાલોલ તાલુકાના મત ગણતરી સ્થળે ધીમી ગણતરીને જોતાં જીલ્લા પોલીસવડાએ ૧ વધુ મત ગણતરી વોર્ડ ઉભુ કરાયું

કાલોલ તાલુકાના ગ્રામ પંચાયતોની ચુંટણીની મત ગણતરી એમ.એમ.ગાંધી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે યોજવામાં આવી હતી. ૪૪ ગ્રામ પંચાયતોનું બેલેટ મત ગણતરી માટે બે મત ગણતરી વોર્ડ હાથ ધરવામાં આવી છે. બપોર સુધી ૪ ગ્રામ પંચાયતના ૧ વોર્ડની મત ગણતરી થઈ શકી હતી. મત ગણતરી મથકની મુલાકાત માટે જીલ્લા પોલીસવડા ડૉ. લીના પાટીલ પહોંચ્યા હતા અને ધીમી મત ગણતરીને જોતાં ચુંટણી તંત્ર પાસે બેલેટ પેપરની મત ગણતરી માટે વધુ એક મત ગણતરી વોર્ડ સુધી કરવામાં શરૂ કરવામાં આવતાં મત ગણતરીની સ્પીડ આવી હતી. મોડી સાંજ સુધી ૧૮ જેટલી ગ્રામ પંચાયતોનું મત ગણતરી પુરી કરાઈ છે. હજી ૨૬ જેટલી પંચાયતનું પરિણામ મોડી રાત્રે આવી શકે છે.

## જીલ્લાના ૭ તાલુકાના મત ગણતરી મથકો ખાતે સરકારી સ્ટાફ માટે એક જ વ્યકિતને જમવાનું પહોંચાડવાનો કોન્ટ્રાક અપાયો

પંચમહાલ જીલ્લાની ૩૭૨ ગ્રામ પંચાયતોની ચુંટણી માટે ચુંટણી તંત્ર દ્વારા પુરી તકેદારી થી કામગીરી કરતી જોવા મળી હતી અને શાંતિપૂર્ણ માહોલમાં ૩૫૦ ગ્રામ પંચાયતોની ચુંટણી મતદાન પૂર્ણ કરવામાં સફળ રહ્યું હતું. ગ્રામ પંચાયતોની ચુંટણી માટે થયેલ મતદાનની મત ગણતરી ૨૧ ડીસેમ્બરના રોજ જે તે તાલુકા મથકો ખાતે વ્યવસ્થા ચુંટણી તંત્ર હાથ ધરવામાં આવી હતી. મત ગણતરી સેન્ટરો ઉપર મત ગણનાની કામગીરી તેમજ ચુંટણી પ્રક્રિયાની કામગીરીમાં જોતરાયેલ કર્મચારીઓ માટે જમવાની વ્યવસ્થા ચુંટણી તંત્ર દ્વારા કરવામાં આવી હતી. તેમાં જીલ્લાના ૭ તાલુકાના મત ગણતરી સેન્ટરોના મત ગણના માટે જોતરાયેલા કર્મચારીઓ માટે જમવાનો કોન્ટ્રાકટ ગોધરા એક રસોઈયાને આપી દેવામાં આવ્યો હતો. ચુંટણી મત ગણતરી મથકો ઉપર જમવાનું પહોંચાડવાની કામગીરી લેનાર કોન્ટ્રાકટ દ્વારા અગાઉ થી બનાવેલ જમવાનું પેન્ડીંગ કરીને જે તે તાલુકાના મત ગણતરી સ્થળોએ મણ ગણનામાં જોતરાયેલા કર્મચારીઓને પહોંચાડવામાં આવ્યું હતું. તે જમવાના પેકેટમાં ભાત ખરાબ હોવાથી હોબાળો મચી જવા પામ્યો છે. ચુંટણી પ્રક્રિયામાં જોતરાયેલા કર્મચારીઓ માટે પોષ્ટીક અને ગરમ જમવાનું મળે તેવું જે તે તાલુકા મત ગણતરી સ્થળો એ વ્યવસ્થા નહિ કરીને મળતીયા રસોઈયાને જીલ્લાના ૭ તાલુકાના મત ગણતરી મથકો ખાતે જમવાનું પહોંચાડવાનો કોન્ટ્રાકટ આપી દેવામાં આવ્યો હોવાને લઈ ચુંટણી પ્રક્રિયામાં જોડાયેલા કર્મચારીઓમાં જમવાની યોગ્ય વ્યવસ્થાના અભાવે નારાજગી જોવા મળી છે. મતદાન મથકો ખાતે ઠંડુ અને ખરાબ થયેલ જમવાનું પહોંચાડનાર રસોઈ કોન્ટ્રાકટ રૂપીયાની ચુકવણી રોકવામાં આવે તે જરૂરી છે.

## ગોધરા તાલુકાના ગ્રામ પંચાયતોના વિજેતા સરપંચ ની યાદી

| ગામ | | સરપંચનું નામ |
|---|---|---|
| ધોળી | - | રેશમબેન નરવતસિંહ નાયક |
| નાની કાંટડી | - | રોહિતભાઈ ગોપાલભાઈ પટેલિયા |
| ચંચેલાવ | - | રેવાબેન અરવિંદભાઈ વણઝારા |
| દરૂણીયા | - | તીલીબેન કાનસિંગ રાઠવા |
| રતનપુર કાંટડી | - | દશરથ કે. નિરૂલા |
| કરસાણા | - | કમળાબેન રમેશભાઈ |
| રિછરોટા | - | હિતેન્દ્રકુમાર પરમાર |
| જીતપુરા | - | સવિતાબેન કે.પટેલ |
| ટુવા | - | અશોકભાઈ આર.રાઠવા |
| મહેલોલ | - | નરેશભાઈ એસ.હરિજન |
| ગઢ ચૂંદડી | - | પ્રીતિબેન મનોજકુમાર પટેલ |
| વાસીયા | - | રાજેન્દ્ર નાગરભાઈ પટેલ |
| ભામૈયા(પ) | - | દિવ્યાબેન વી.રાઠોડ |
| મોતાલ | - | કૈલાશબેન અજયસિંહ સોલંકી |
| વેગનપુર | - | કિરીટભાઈ મહેશભાઈ પટેલિયા |
| છાવડ | - | જસવંતભાઈ લક્ષ્મણભાઈ નાયક |
| હમીરપુર | - | આનંદીબેન પ્રકાશભાઈ બારીઆ |
| ગોઠડા | - | નિરાલીબેન છગનભાઈ પારગી |

## કાલોલ તાલુકાના ગ્રામ પંચાયતોના વિજેતા સરપંચ ની યાદી

| ગામ | | સરપંચનું નામ |
|---|---|---|
| નેવરીયા | - | ઉદેસિંહ છત્રસિંહ પરમાર |
| બોરું | - | રાશીદાબીબી શકીલ મહંમદ બેલીમ |
| ધૂસર | - | રાધાબેન દિનુભાઈ બારીયા |
| શકિતપુરા | - | દિનેશભાઈ માનગીલાલ બલાઈ |
| ભૂખી | - | ચંપાબેન સોમસિંહ જાદવ |
| ચોરાડુંગરી | - | આતુબેન પરષોત્તમસિંહ ચૌહાણ |
| નારણપુરા | - | રવિન્દ્રકુમાર પર્વતસિંહ ઠાકોર |




કાલોલ તાલુકાના કાલંત્રા ગ્રામ પંચાયત યંગ સરપંચ સભ્યો ઉમેદવારનો ભવ્ય વિજય

## ઘોઘંબા તાલુકાના ગ્રામ પંચાયતોના વિજેતા સરપંચ ની યાદી

| ગામ | | સરપંચનું નામ |
|---|---|---|
| દુધાપુર | - | રાઠવા વૈશાલીબેન સુરેશભાઈ |
| જીતપુરા | - | પરમાર વિઠ્ઠલભાઈ મનુભાઈ |
| રણજીતનગર | - | માધુભાઈ કડીયાભાઈ રાઠવા |
| કુંભારપાલ્લી | - | દક્ષાબેન દિલીપભાઈ પરમાર |
| રીંછીયા | - | કંકુબેન વિપુલભાઈ રાઠવા |
| દમણપુરા | - | રેખાબેન દિલીપભાઈ |
| મોલ | - | વેલીયાભાઈ ફૂતરભાઈ રાઠવા |
| ઝોઝ | - | વસંતભાઈ છેલુભાઈ રાઠવા |
| વાંકોડ | - | સંગીતાબેન કિશોરભાઈ રાઠવા |
| ગુંદી | - | સૂર્યાબેન જીગ્નેશભાઈ બારીયા |
| રાયના મુવાડા | - | ગણપતભાઈ પ્રભાતસિંહ પરમાર |
| ખરખડી | - | પ્રવિણભાઈ રામસીંગભાઈ રાઠવા |
| અદેપુર | - | જડીબેન મુષ્લાભાઈ રાઠવા |
| વાશકોટ | - | સુગરીબેન ઠેલુભાઈ રાઠવા |
| પાદેડી | - | તખતભાઈ હિંમતભાઈ બારીયા |
| આંબાખૂંટ | - | પ્રભાતભાઈ ભીલુભાઈ રાઠવા |
| રીંછવાણી | - | જશવંતભાઈ સોમાભાઈ પટેલીયા |
| ઘોઘંબા | - | નિલેશભાઈ ભાઈલાલભાઈ વરીયા |

## શહેરા વિજય થયેલા સરપંચોની યાદી

| | | |
|---|---|---|
| મહેલાણ | – | નંદાબેન પર્વતભાઈ માલીવાડ... |
| ગાંગડીયા | – | સુનીતાબેન ગણપતસિંહ પટેલ |
| ડોકવા | – | રેખાબેન રમેશ ભાઈ ચૌહાણ |
| બાહી | – | પ્રિયંકાબેન વિજય કુમાર પરમાર |
| ધાંધલપુર | – | સવિતાબેન મંગળસિંહ પટેલ |
| ઉજડા | – | દિલીપભાઈ ભયજીભાઈ મહેરા |
| ડુમેલાવ | – | વર્ષાબેન શૈલેષભાઈ બારીયા.. |
| ખાંટના મુવાડા | – | યશવંતસિંહ ભુપતસિંહ ઠાકોર |
| જાલમ બારિયાના મુવાડા | – | ઈન્દુબેન રમણભાઈ પગી |
| કોઠા | – | પ્રેમીલાબેન રમેશભાઈ કોળી |
| ભુરખલ | – | હસમુખભાઈ ડાયાભાઈ પરમાર |
| વરીયાલ | – | બારીયા વિજયકુમાર તખતસિંહ.. |
| સાકરીયા | – | ભગોરા લલીતાબેન દીપસિંહ |
| ઉમરપુર | – | રમેશભાઈ જશવંતભાઈ મકવાણા... |
| લીંબોદ્રા | – | ઉદેસિંહ મડા ભાઈ પગી |
| પોયડા | – | જ્યોતિબેન વિશાલ ભાઈ પટેલ |
| સદનપુર | – | ગુલાબ સિંહ પ્રભાતસિંહ પગી |
| ભાટના મુવાડા | – | દિવાળીબેન નરવત ભાઈ પરમાર |
| નાથુજીના મુવાડા | – | મહેન્દ્રસિંહ બળવંતસિંહ ચૌહાણ |
| નવી વસાહત સાજીવાવ | – | ટીના બેન અખમ ભાઈ નાયકા |
| બિલીથા | – | જીતાબેન કનુભાઈ નાયક |
| લાભી | – | ગલી બેન અમરસિંહ બારીયા |
| બોડીદ્રા ખુદ | – | કમલેશભાઈ ડાયાભાઈ ભરવાડ |
| ચલાલી | – | ભાવનાબેન જયેન્દ્ર ભાઈ બારીયા |
| મિરાપુર | – | કૈલાશબેન પર્વતસિંહ બારીયા |

# હાલોલ તાલુકાની ગ્રામ પંચાયત ચુંટણીની મત ગણતરી સ્થળે કવરેજ કરવા ગયેલ પત્રકારોને પ્રવેશ બંધી કરી મામલતદારે મનસ્વી વ્યવહાર કર્યો



હાલોલ,

હાલોલ તાલુકાની ગ્રામ પંચાયતોની ચૂંટણી ની મતગણતરીની પ્રક્રિયા હાલોલની સરકારી પોલિટેકનિક કોલેજ ખાતે યોજાઇ હતી. જેમાં મતગણતરીની પ્રક્રિયા જાહેર જનતા સુધી પહોંચે તેને લઈ મત ગણતરીની પ્રક્રિયાને કવરેજ કરવા ગયેલા પત્રકારો સાથે હાલોલ મામલતદારે પોતાનો મનસ્વી ભર્યો વ્યવહાર કરી પત્રકારોને કોલેજ કેમ્પસમાં જવા ના દેતા પત્રકારોમાં અપમાનિત થયાની લાગણી જોવા મળી હતી. જેમાં દેશની ચોથી જાગીર ગણાતા લોકશાહીના આધારસ્તંભ પત્રકારોને લોકશાહીના મહાપર્વ ચૂંટણીની મતગણતરીની પ્રક્રિયા આડે મામલતદારે પોતાનો મનસ્વી નિર્ણય વ્યક્ત કરી પોલીસને મધ્યસ્થી બનાવી પત્રકારોને ચૂંટણી પ્રક્રિયાની મતગણતરીની પ્રક્રિયા થી દૂર રાખ્યા હતા, તેમજ આ બાબતે મામલતદાર સંગાડાએ જિલ્લાના માહિતી વિભાગ તરફથી પોતાને સ્થાનિક પત્રકારોની યાદી ન મળી હોવાનો લુલો બચાવ કર્યો હતો. જેમાં સમગ્ર બાબતને લઈ હાલોલના તમામ પત્રકારોએ એકત્રિત થઈ ધરણાં પર બેસી પોતાનો રોષ વ્યકત કર્યો હતો અને ચોથી જાગીરની સ્વતંત્રતા પર મામલતદારે તરાપ મારતા પત્રકારોએ આનો વિરોધ કરી હાલોલ પ્રાંત અધિકારીને ૫ આવેદનપત્ર પાઠવ્યું હતું.

આવેદનપત્ર પત્રકારોએ પોતાનો રોષ વ્યક્ત કરી જણાવ્યું હતું કે, લોકશાહીના મહાપર્વ એવા ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં પ્રજા સુધી સાચી માહિતી પહોંચાડતા લોકશાહીના આધારસ્તંભ એવા પત્રકારો જાહેર જનતા સુધી સાચી માહિતી ન પહોંચાડી શકે તેવો પ્રયાસ મામલતદારે કરેલ હોઈ મામલતદારે લોકશાહીના ચોથા સ્તંભ ગણાતા પત્રકારોને અપમાનિત કરી પોતાની મનમાની કરી છે. જેને લઈને ગ્રામ પંચાયતોની ચૂંટણીની મત ગણતરીની પ્રક્રિયાની સાચી માહિતી પ્રસિદ્ધ કરવામાં પત્રકારોને અવરોધ સર્જાયો છે. જેને લઈ લોકતંત્રનું અપમાન થયું હોવાનું ફલિત થાય છે. જેને લઈ ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય અને પત્રકારોનું માન સન્માન સચવાઈ રહે તે માટે કસુરવાર સામે સમાજમાં દાખલો બેસે તેવી સકારાત્મક કાર્યવાહી કરવા પત્રકારોએ માંગણી કરી હાલોલ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં આવેદન પત્ર સ્વીકારી પ્રાંત અધિકારી આલોક ગૌતમે મામલતદારએ પત્રકારોના સાથેના વ્યવહાર બદલની દિલગીરી વ્યક્ત કરી મામલતદારે જાહેરમાં ભૂલ કરી હોવાનું સ્વીકારી ભવિષ્યમાં આ પ્રકારનું પત્રકારો સાથે વર્તન નહિ કરાય તેવી બાંહેધરી આપી હતી.જેમાં આવેદનપત્રની નકલ ગુજરાતના મુખ્યમંત્રી સહિત ગૃહ રાજ્યમંત્રી, ગુજરાત રાજ્યના માહિતી નિયામક,પંચમહાલ જિલ્લા કલેક્ટર, રેન્જ આઈ.જી. પંચમહાલ, જિલ્લા પોલીસ વડા, પંચમહાલ જિલ્લા મુખ્ય ચૂંટણી અધિકારી (નિવાસી કલેક્ટર) સુધી પહોંચતી કરી પોતાની લાગણી વ્યક્ત કરી હતી.

# શહેરા તાલુકાની ૫૬ ગ્રામ પંચાયતો પૈકી ૨૫ પંચાયતોના પરિણામો જાહેર કરાયા

શહેરા,

શહેરા તાલુકાની ૫૬ ગ્રામ પંચાયતની ચૂંટણીની મતગણતરી મોડલ સ્કૂલ ખાતે મંગળવાર રોજ રાખવામા આવી હતી. જેમાં ૫૬ માથી ૨૫ ગ્રામ પંચાયતના પરિણામો જાહેર થતા વિજય થયેલા ઉમેદવારો સાથે તેમના સમર્થકો ડી જે ના તાલે ઝુમી રહ્યા હતા. ગ્રામ પંચાયતની ચૂંટણીની મતગણતરી મધરાત્રે સુધી ચાલશે.

શહેરા તાલુકાના અણીયાદ વાઘજીપુર, મોરવા રેણા, સુરેલી, વાડી, વલ્લભપુર સહિત કુલ ૫૬ ગ્રામ પંચાયતની ચુંટણી રવિવારના રોજ યોજાઈ હતી. તેની મતગણતરી મંગળવારના રોજ સવારના નવ વાગ્યે મોડલ સ્કૂલ ખાતે પોલીસના ચુસ્ત બંદોબસ્ત શરૂ થઈ હતી. ઉમેદવારો સાથે તેમના સમર્થકો પણ મતગણતરી સ્થળ પર મોટી સંખ્યામા ઉમટી આવ્યા હતા. જેમ જેમ પરિણામ જાહેર થતા ગયા તેમ ઉમેદવારોમાં કહી ખુશી કહી ગમનો માહોલ સર્જાયો હતો. વિજય થયેલા ઉમેદવારોને તેમના સમર્થકો ફુલ હાર પહેરાવીને અબીલ ગુલાલની છોળો ઉંડાઇને ડી.જે.ના તાલે ઝુમતા નજરે પડી રહ્યા હતા. જયારે કોઠા ગ્રામ પંચાયતમાં પ્રેમીલાબેન કોળીનો એક મત થી વિજય થતા ચુંટણીનો સ્ટાફ પણ બે ઘડી વિચારમાં પડી ગયા હતા. તાલુકાની ૫૬ ગ્રામ પંચાયત માંથી ૨૫ ગ્રામ પંચાયતની ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ બીજી અન્ય ગ્રામ પંચાયતની ચૂંટણીનું પરિણામ જાહેર થવાનું બાકી હોવાથી મતગણતરી સ્થળની બહાર મોટી સંખ્યામાં ઉમેદવારો સાથે તેમના સમર્થકોની અવરજવર શરૂ રહેલ હતી. જોકે આ વખતની ચૂંટણી ઇ.વી.એમ. મશીન નહિ પણ બેલેટ પેપરથી યોજાઈ હોવાથી બેલેટ પેપર ગણવામાં પણ ઘણો સમય જતો હોવાથી મતગણતરી મધરાત્રે સુધી ચાલે તેવી શક્યતાઓ હાલ જોવા મળી રહી હતી. વિજય થયેલા ઉમેદવારો એ તેમના મત વિસ્તારમાં વિજય સરઘસ કાઢ્યું હતું. મતગણતરી સ્થળ અને ઉમેદવારોનો વિજય સરઘસ દરમિયાન પોલીસનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.